परोपकाराय सतां विभूतीय

પાંત્રીશ બોલ.

(સરળ અર્થ સાથે)

છપાવી પ્રસિદ્ધકર્તા,

શ્રી જૈન પાઠશાળા તરફથી

વકીલ માણેકલાલ મુળચંદ,

ઝાંપડાની પોળ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૨૫૦.

સંવત. ૧૯૮૧.   સને ૧૯૨૪.

શ્રી વિરશાસન પ્રિન્ટીન્ગ પ્રેસમા
પરીખ વિઠ્ઠલભાઈ મોહનલાલે છાપ્યા.
ઠે. કાળુપુર, હાજાપટેલની પોળ—અમદાવાદ.

बुद्धेः फलं तत्त्वविचारणं च,
देहस्य सारं व्रतधारणं च;
अर्थस्य सारं किल पात्रदानं,
वाचः फलं प्रीतिकरं नराणाम्. १

અર્થ —તત્ત્વની વિચારણા કરવી, એ બુદ્ધિ પામ્યાનુ ફળ છે. વ્રતો ધારણ કરવા, એ દેહ પામ્યાનુ ફળ છે, સુપાત્રે દાન દેવુ, એ ખરેખર લક્ષ્મી પામ્યાનુ ફળ છે, તેમજ મનુષ્યોને પ્રીતિ કરનારૂ થાય, તે વાણીનુ ફળ છે ૧.

ॐ

પાંત્રિશ બોલ.

(સરળ અર્થ સાથે.)

૧

પહેલે બોલે ગતિ ચાર છે.

૧ પાપ કરીને અવતરેલા નારકીઓની ગતિ તે નરકગતિ.

૨ પશુ તથા પક્ષી વગેરેની ગતિ તે તિર્યંચગતિ.

૩ માણસોની ગતિ તે મનુષ્યગતિ.

૪ પુણ્ય કરીને અવતરેલા દેવતાઓની ગતિ તે દેવગતિ.

૨

જીવોની જાતિ પાંચ છે.

૧ માત્ર શરીરવાળા જીવોની જાતિ. જેવા કે માટી, પાણી, અગ્નિ, વનસ્પતિ વગેરેના જીવો તે એકેંદ્રિય જાતિ.

૨ શરીર અને જીભવાળા જીવોની જાતિ. જેવા કે—શંખ, પૂરા, કીડા વગેરે તે બે ઇંદ્રિયજાતિ.

૩ શરીર, જીભ અને નાકવાળા જીવોની જાતિ જેવા કે—માંકડ, જૂ, કીડી, મંકોડા વગેરે તે તેઇંદ્રિય જાતિ.

૪ શરીર, જીભ, નાક અને આંખ-

વાળા જીવોની જાતિ, જેવા કે—
માખી, મચ્છર, વીંછી વગેરે
તે ચૌરિંદ્રિય જાતિ.

૫ શરીર, જીભ, નાક, આંખ અને
કાનવાળા જીવોની જાતિ, જેવા
કે—દેવતા, મનુષ્ય, તિર્યંચ
અને નારકી તે પંચેંદ્રિય જાતિ.

૩

ત્રીજે બોલે કાય છ છે.

૧ પૃથ્વીકાય—માટી, પત્થર વગે-
રેના જીવો.

૨ અપ્‌કાય—પાણીના જીવો.

૩ તેઉકાય—અગ્નિના જીવો.

૪ વાઉકાય—પવનના જીવો.

૫ વનસ્પતિકાય—શાક, ભાજી, ફળ ફૂલ વગેરેના જીવો.

૬ ત્રસકાય—હાલતા ચાલતા જીવો.

૪

ચોથે બોલે ઇંદ્રિય પાંચ છે.

૧ શ્રોત્રેંદ્રિય—કાન, ૪ રસેંદ્રિય—જીભ.

૨ ચક્ષુરિંદ્રિય આંખ. ૫ સ્પર્શેંદ્રિય—શરીર.

૩ ઘ્રાણેંદ્રિય—નાક.

૫

પાંચમે બોલે પર્યાપ્તિ છ છે.

પર્યાપ્તિ—શક્તિ.

૧ આહાર ગ્રહણ કરી તેનો રસ

કરવાની શક્તિ તે આહાર પ-
ર્યાપ્તિ.

૨ રસમાંથી લોહી, માંસ, વીર્ય
વગેરે સાત ધાતુ બનાવી શરીર
બાંધવાની શક્તિ તે શરીર
પર્યાપ્તિ

૩ શરીરમાં જરૂર પડતી ઇંદ્રિયો
કરવાની શક્તિ તે ઇંદ્રિય પર્યાપ્તિ

૪ પુદ્ગલો ગ્રહણ કરી તેનો શ્વાસો-
ચ્છ્વાસ બનાવવાની શાક્ત તે
શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ.

૫ પુદ્ગલો ગ્રહણ કરી તેની ભાષા
બનાવવાની શક્તિ તે ભાષા
પર્યાપ્તિ.

૬ પુદ્ગલો ગ્રહણ કરી તેનું મન બનાવવાની શક્તિ તે મનઃપર્યાપ્તિ.

૬

છઠ્ઠે બોલે પ્રાણ દશ છે.

૧ સાંભળવાની શક્તિ તે શ્રોત્રેદ્રિય પ્રાણ.

૨ જોવાની શક્તિ તે ચક્ષુરિંદ્રિય પ્રાણ.

૩ સુંઘવાની શક્તિ તે ઘ્રાણેંદ્રિય પ્રાણ.

૪ ચાખવાની શકિત તે રસેંદ્રિય પ્રાણ.

૫ સ્પર્શ કરવાની શકિત તે સ્પર્શેંદ્રિય પ્રાણ.

૬ વિચાર કરવાની શક્તિ તે મનો-
બળ પ્રાણ.

૭ બોલવાની શક્તિ તે વચનબ-
ળ પ્રાણ.

૮ શરીરથી કાર્ય કરવાની શક્તિ
તે કાયબળ પ્રાણ.

૯ શ્વાસ લેવો તથા મૂકવો તે શ્વા-
સોશ્વાસ પ્રાણ.

૧૦ આયુષ્ય તે આયુઃપ્રાણ.

૭

સાતમે બોલે શરીર પાંચ છે

૧ મનુષ્ય અને તિર્યંચનું શરીર તે
ઔદારિક શરીર.

૨ દેવતા અને નારકીનું શરીર તે વૈક્રિય શરીર.

૩ તીર્થંકર ભગવાન્‌ને પ્રશ્ન પૂછવા તથા તેમની ઋદ્ધિ જોવા મુનિ-રાજ નવું શરીર કરે છે તે આહારક શરીર. ઋદ્ધિ=ઠકુરાઇ.

૪ આહારને પચાવનાર શરીર તે તૈજસ શરીર.

૫ આત્માને કર્મ વળગેલાં છે તે કાર્મણ શરીર.

૮

આઠમે બોલે યોગ ૫ંદર છે.

યોગ—વ્યાપાર, ક્રીયા.

૧ મનોયોગના ચાર પ્રકાર છે.

પ્રકાર—ભેદ.

૧ સાચો વિચાર કરવો તે સત્ય મનોયોગ

૨ ખોટો વિચાર કરવો તે અસત્ય મનોયોગ.

૩ કાંઇક સાચો અને કાંઇક ખોટો વિચાર કરવો તે મિશ્ર મનોયોગ, આને સત્યમૃષા પણ કહે છે.

૪ ખોટો પણ નહિ અને સાચો પણ નહિ એવો વિચાર કરવો તે વ્યવહાર મનોયોગ, આને અસત્યામૃષા મનોયોગ પણ કહે છે. (શિક્ષકે આ બોલ દૃષ્ટાંત આપી સમજાવવો.)

૨ વચનયોગના ચાર પ્રકાર છે.

૧ સાચું બોલવું તે સત્ય વચન-
યોગ.

૨ ખોટું બોલવું તે અસત્ય વચન-
યોગ.

૩ કાંઇક સાચું અને કાંઇક ખોટું
બોલવું તે મિશ્ર વચનયોગ

૪ ખોટું પણ નહિ અને સાચું પણ
નહિ એવું બોલવું તે વ્યવહાર
વચનયોગ.

૩ કાયયોગના સાત પ્રકાર છે.

૧ મનુષ્ય અને તિર્યંચ ઉત્પન્ન થાય
ત્યારે ઔદારિક શરીર બાંધવા

માંડે તે વખતે જે યોગ હોય તે ઔદારિક મિશ્ર કાયયોગ.

૨ તેઓનેજ તે શરીર બાંધ્યા પછી જે યોગ હોય તે ઔદારિક કાયયોગ.

૩ દેવતા અને નારકી ઉત્પન્ન થાય ત્યારે વૈક્રિય શરીર બાંધવા માંડે તે વખતે જે યોગ હોય તે વૈક્રિયમિશ્ર કાયયોગ.

૪ તેઓનેજ તે શરીર બાંધ્યા પછી જે યોગ હોય તે વૈક્રિય કાયયોગ.

૫ તીર્થંકર ભગવાનને પ્રશ્ન પૂછવા તથા તેમની ઋદ્ધિ જોવા મુનિરાજ આહારક શરીર કરવા

માંડે તે વખતે જે યોગ હોય તે આહારકમિશ્ર કાયયોગ.

૬ તેમનેજ તે શરીર બાંધ્યા પછી જે યોગ હોય તે આહારક કાયયોગ.

૭ જે વડે જીવ આહારને પચાવે તથા કર્મ ગ્રહણ કરે તે તૈજસ કાર્મણ કાયયોગ.

૯

નવમે બોલે ઉપયોગ બાર છે. ઉપયોગ ધ્યાન આપવું અથવા ઉપયોગ કરવો એટલે જ્ઞાન દર્શનને વાપરવાં તે.

૧ પાંચ ઇંદ્રિય અને મનથી જે જાણવું તે મતિજ્ઞાન.

૨ શાસ્ત્ર વાંચવા, ભણવા તથા સાંભળવાથી જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન.

૩ અમુક હદમાંહેલા રૂપી પદાર્થોનું ઇંદ્રિયોની મદદ વિના જે જ્ઞાન થાય તે અવધિજ્ઞાન. રૂપી—જેને વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શ હોય તે. વર્ણ—રંગ.

૪ અઢીદ્વીપની અંદર રહેલા મનુષ્ય તથા તિર્યંચના મનના ભાવનું જે જ્ઞાન થાય તે મનઃપર્યવજ્ઞાન. જંબુદ્વીપ, ધાતકી

ખડ તથા અર્ધપુષ્કરવરદ્વીપ એ અઢી દ્વીપ કહેવાય. દ્વીપ–જેને ફરતું પાણી હોય તે.

૫ જગત્‌માં રહેલા રૂપી તથા અરૂપી સર્વ પદાર્થોનુ સંપૂર્ણ જ્ઞાન થાય તે કેવળ જ્ઞાન. અરૂપી-જેને વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શ ન હોય તે સંપૂર્ણ–પૂરેપૂરૂં.

૬ મિથ્યાત્વ સહિત મતિજ્ઞાન કે જેથી વસ્તુ સ્વરૂપ યથાસ્થિત વિચારવામાં ન આવે તે મતિ-અજ્ઞાન. મિથ્યાત્વ–વસ્તુને સાચી રીતે ન માનવી તે. યથા-

સ્થિત—જેવું હોય તેવું.

૭ મિથ્યાત્વ સહિત શ્રુતજ્ઞાન કે જેથી વસ્તુ સ્વરૂપ સાચી રીતે સમજવામાં ન આવે તે શ્રુત-અજ્ઞાન.

૮ મિથ્યાત્વ સહિત અવધિજ્ઞાન કે જેથી અમુક હદમાંહેલા રૂપી પદાર્થો આત્મા વડે જાણવામાં ફેરફાર થાય તે વિભગ જ્ઞાન.

૯ આંખથી જોવું તે ચક્ષુદર્શન.

૧૦ આંખ વિના બાકીની ઇંદ્રિયોથી જે સામાન્ય જાણવું તે અચક્ષુદર્શન.

૧૧ અમુક હદમાં રહેલા રૂપી પદાર્થોનું જે સામાન્ય જ્ઞાન તે અવધિદર્શન.

૧૨ જગતમાં રહેલા રૂપી તથા અરૂપી સર્વ પદાર્થોનું જે સામાન્ય જ્ઞાન તે કેવળ દર્શન.

૧૦

દશમે બોલે કર્મ આઠ છે.

૧ જ્ઞાનને ઢાંકી દેનારૂં કર્મ તે જ્ઞાનાવરણીય કર્મ.

૨ દર્શનને ઢાંકી દેનારૂં કર્મ તે દર્શનાવરણીયકર્મ. દર્શન–વસ્તુના સામાન્ય ધર્મનો જે બોધ તે, વસ્તુને પ્રથમ જોવાથી જે

જાણી શકાય તે.

૩ સંસારમાં સુખદુઃખને ઉત્પન્ન કરનારૂં કર્મ તે વેદનીયકર્મ.

૪ સંસારમાં આસક્તિ–પ્રીતિ કરાવનારૂં કર્મ તે મોહનીયકર્મ.

૫ આયુષ્ય–જીંદગી તે આયુઃકર્મ.

૬ જીવને ચાર ગતિ તથા પાંચ ઇંદ્રિયો વગેરે અનેક પ્રકાર પ્રાપ્ત કરાવી આપનારૂં કર્મ તે નામ-કર્મ. પ્રકાર–ભેદ, સ્થિતિ.

૭ જીવને સંસારમાં ઉચ્ચ તે માન-યોગ્ય તથા નીચ તે અપમાન-યોગ્ય સ્થિતિ પ્રાપ્ત કરાવનારૂં કર્મ તે ગોત્રકર્મ.

૮ જીવને દાન દેવામાં, લાભ મેળ-
વવામાં, ખાવા પીવામાં, પહે-
રવા ઓઢવા વગેરેમાં તથા
બળનો ઉપયોગ કરવામાં હર-
કત કરનારૂં કર્મ તે અંતરા-
યકર્મ.

૧૧

અગ્યારમે બોલે ગુણઠાણાં ચૌદ
છે. ગુણઠાણા–ગુણનાં સ્થાનકો.

૧ તત્ત્વને સાચી રીતે નહિ માન-
નાર મિથ્યાત્વી જીવોનું ગુણ-
ઠાણુ તે મિથ્યાત્વ ગુણઠાણું.
તત્ત્વ–વસ્તુનું સ્વરૂપ, પદાર્થ.

૨ સમકિતથી પડતા જીવોને થોડો કાળ ટકવાનુ ગુણઠાણુ તે સાસ્વાદન ગુણઠાણુ.

૩ ખરા તત્ત્વ ઉપર પ્રીતિ નહિ અને ખોટા તત્ત્વ ઉપર અપ્રીતિ નહિ એવા જીવોનું ગુણઠાણું તે મિશ્ર ગુણઠાણુ.

૪ સમકિત પામેલા પણ વ્રત પચ્ચખ્ખાણ વગરના જીવોનું ગુણઠાણું તે અવિરતિ સમકિત દ્દષ્ટિ ગુણઠાણું.

૫ અણુવ્રતધારી શ્રાવકોનું ગુણઠાણું તે દેશવિરતિ ગુણઠાણું

અણુ—ન્હાનાં.

૬ પાંચ મહાવ્રત પાળનારા મુનિરાજોનું ગુણઠાણું તે પ્રમત્ત ગુણઠાણું. (શ્રાવક અને મુનિરાજોનાં વ્રતની વાત આગળ આવશે.)

૭ વિશેષ ઉત્તમ ભાવવાળા મુનિરાજોનું ગુણઠાણું તે અપ્રમત્ત ગુણઠાણું

૮ પૂર્વે નહિ આવેલા નિર્મળ ભાવ જ્યાં આવે તે અપૂર્વકરણ અથવા નિવૃત્તિ ગુણઠાણું

૯ લોભના મ્હોટા વિભાગ કરી તેનો નાશ કરવાનું અથવા

દાબી દેવાનું ગુણઠાણું તે અનિવૃત્તિ બાદર ગુણઠાણું. વિભાગ–ખંડ, કકડા.

૧૦ લોભના ન્હાના વિભાગ કરી તેનો નાશ કરવાનું અથવા દાબી દેવાનું ગુણઠાણું તે સૂક્ષ્મસંપરાય ગુણઠાણું.

૧૧ જ્યાં મોહનીયકર્મ આત્મા સાથે (સત્તામાં) હોય પણ ભોગવવામાં (ઉદયમાં) ન આવે તે ઉપશાંતમોહ ગુણઠાણું.

૧૨ મોહનીયકર્મનો સર્વથા નાશ થયા પછીનું ગુણઠાણુ તે ક્ષીણ મોહ ગુણઠાણું.

૧૩ તીર્થંકર તથા બીજા સમસ્ત કે-
વળજ્ઞાની ભગવાન્નુ ગુણઠાણું
તે સયોગી કેવળી ગુણઠાણુ.
સમસ્ત–બધા.

૧૪ મોક્ષે જવા પહેલાં થોડો કાળ
આવે તે અયોગી કેવળી ગુ-
ણઠાણું.

૧૨

બારમે બોલે પાંચ ઇંદ્રિયના વિષયો
ત્રેવિશ છે.

વિષય–અભિલાષા, ઇચ્છા.

૧ શ્રોત્રેંદ્રિયના ત્રણ વિષય છે.

૧ જેમાં જીવ હોય અને તે
અવાજ કરે તે, જેમકે માણસ,

પશુ, પક્ષી વગેરેનો અવાજ તે જીવ શબ્દ.

૨ જીવ વગરના પદાર્થોનો અવાજ, જેમકે ઘડીયાળ, ઢોલ વગેરેનો અવાજ તે અજીવ શબ્દ.

૩ જીવ તથા જીવવગરના પદાર્થોનો ભેગો અવાજ થાય તે, જેમકે શરણાઇ વગેરેનો અવાજ તે મિશ્ર શબ્દ.

૨ ચક્ષુરિંદ્રિયના પાંચ વિષય છે.

૧ કાળો, ૨ લીલો, ૩ રાતો, ૪ પીળો, ૫ ધોળો.

૩ ઘ્રાણેંદ્રિયના બે વિષય છે.

૧ સુરભિગંધ—સારીગંધ, દુર-
ભિગંધ—નઠારી ગંધ.

૪ રસેંદ્રિયના પાંચ વિષય છે.

૧ કડવો,૨ તીખો, ૩ કષાયેલો,
ખાટો, ૫ મીઠો. કષાયેલો—આં-
બળાના સ્વાદ જેવો.

૫ સ્પર્શેંદ્રિયના આઠ વિષય છે.

૧ સુંવાળો, ૨ ખડબચડો,૩ હ-
ળવો,૪ ભારે,૫ ઠંડો—શીત, ૬
ઉષ્ણ—ઉન્હો,૭ લુખો—રૂક્ષ,ર-
સવગરનો, ૮ ચોપડયો—સ્નિ-
ગ્ધતાવાળો, રસવાળો.

૧૩

તેરમે બોલે મિથ્યાત્વ દશ પ્રકારનાં છે.

૧ જીવને અજીવ કરી જાણે તે મિથ્યાત્વ.

૨ અજીવને જીવ કરી જાણે તે મિથ્યાત્વ.

૩ ધર્મને અધર્મ કરી જાણે તે મિથ્યાત્વ.

૪ અધર્મને ધર્મ કરી જાણે તે મિથ્યાત્વ.

૫ સાધુને અસાધુ કરી સદ્દહે તે મિથ્યાત્વ.

સદ્દહે-વિશ્વાસ સહિત માને.

૬ અસાધુને સાધુ કરી સદ્દહે તે મિથ્યાત્વ

૭ મોક્ષનો માર્ગ સાચો છે તેને ખોટો કરી માને તે મિથ્યાત્વ. કરી—તરીકે.

૮ સંસારનો માર્ગ ખોટો છે તેને સાચો કરી માને તે મિથ્યાત્વ.

૯ વાયરા આદિ રૂપી પદાર્થને અરૂપી કરી સદ્દહે તે મિથ્યાત્વ.

૧૦ મોક્ષ આદિક અરૂપી પદાર્થને રૂપી કરી સદ્દહે તે મિથ્યાત્વ.

૧૪

ચૌદમે બોલે નવ તત્ત્વ સં-

બંધી જાણવા યોગ્ય એકસો પંદર ભેદ છે.

૧ જીવતત્ત્વના ચૌદ ભેદ છે.

૧ સૂક્ષ્મ એકેંદ્રિય, ૨ બાદર એકેંદ્રિય, ૩ બેઇંદ્રિય, ૪ ત્રિઇંદ્રિય, ૫ ચઉરિંદ્રિય, ૬ અસન્ની પંચેંદ્રિય, ૭ સન્ની પંચેંદ્રિય-એ સાતેને પર્યાપ્તા તથા અપર્યાપ્તા એમ બે બે ભેદે ગુણતાં ચૌદ ભેદ.

૨ અજીવ તત્ત્વના ચૌદ ભેદ.

ધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ એ ત્રણ ભેદ, અધર્માસ્તિકાયના અને આકાશાસ્તિકાયના

પણ એજ પ્રમાણે ત્રણ ત્રણ ભેદ, કાળદ્રવ્યનો એક ભેદ અને પુદ્ગલાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ ચાર ભેદ– એમ સર્વ મળી ચૌદ ભેદ થાય.

૩ પુણ્ય નવ પ્રકારે બધાય છે. પુણ્ય–શુભકર્મ.

૧ સાધુ મુનિરાજ વગેરેને ભોજન આપવાથી જે પુણ્ય બંધાય તે અન્નપુણ્ય.

૨ તેમને પાણી આપવાથી જે પુણ્ય બંધાય તે પાણ પુણ્ય.

૩ તેમને રહેવાને સ્થાન આપ-

વાથી જે પુણ્ય બંધાય તે લેણ પુણ્ય.

૪ તેમને સૂવાને પાટ વગેરે આપવાથી જે પુણ્ય બંધાય તે સેણ પુણ્ય.

૫ તેમને પહેરવા તથા ઓઢવા વસ્ત્ર આપવાથી જે પુણ્ય બંધાય તે વસ્ત્ર પુણ્ય.

૬ તેમનુ મનમાં ભલુ ચિંતવવાથી જે પુણ્ય બંધાય તે મન પુણ્ય.

૭ તેમની વચનવડે સ્તુતિ કરવાથી જે પુણ્ય બંધાય ને વચન પુણ્ય.

૮ તેમની કાયાથી સેવા-ભક્તિ કરવા વડે જે પુણ્ય બંધાય તે કાય પુણ્ય.

૯ તેમને હાથ જોડીને નમસ્કાર કરવાથી જે પુણ્ય બંધાય તે નમસ્કાર પુણ્ય.

૪ પાપ અઢાર પ્રકારે બંધાય છે. પાપ-અશુભકર્મ.

૧ પ્રાણાતિપાત-જીવહિંસા કરવી, ૨ મૃષાવાદ-ખોટું બોલવું, ૩ અદત્તાદાન-ચોરી કરવી, ૪ મૈથુન-બ્રહ્મચર્ય ન પાળવું, ૫ પરિગ્રહ-ધન, સુવર્ણ વગેરે પ-

હાથો ઉપર મમતાં, મમતા–
મારાપણું, સુવર્ણ–સોનું, ૬
ક્રોધ–ગુસ્સો, ૭ માન–અહં-
કાર, ૮ માયા–કપટ, ૯ લોભ–
દ્રવ્યાદિકની વધતી જતી ઇ-
ચ્છા, ૧૦ રાગ–પ્રીતિ, ૧૧ દ્વેષ-
અદેખાઇ વગેરે, કલહ–કજીયો,
૧૩ અભ્યાખ્યાન–કોઇ ઉપર
ખોટું કલંક ચ્હડાવવું તે, ૧૪
પૈશુન્ય–ચાડી,૧૫ રતિ અરતિ-
સુખમાં આનંદ તથા દુઃખમાં
શોક, ૧૬ પરપરિવાદ–પારકી
નિંદા,૧૭ માયા–મૃષાવાદ-કપટ
સાથે ખોટું બોલવું અને ૧૮

મિથ્યાત્વશલ્યસુદેવ, સુગુરૂ તથા સુધર્મ ઉપર શ્રદ્ધા ન રાખવી તે.

૫ આશ્રવના વીશ પ્રકાર છે. આશ્રવ–કર્મ આવવાના રસ્તા.

૧ મિથ્યાત્વનું સેવન કરવું તે મિથ્યાત્વાશ્રવ.

૨ વ્રતપચ્ચખ્ખાણ ન કરવાં તે અવ્રતાશ્રવ.

૩ આળસ, નિંદા વગેરેમાં નકામો વખત ગાળવો તે પ્રમાદાશ્રવ.

૪ કષાય કરવો તે કષાયાશ્રવ.

૫ મન, વચન અને કાયાનો ખોટો ઉપયોગ કરવો તે યોગાશ્રવ.

૬ હિંસા કરવી તે પ્રાણાતિપાતા-
શ્રવ,

૭ ખોટું બોલવું તે મૃષાવાદાશ્રવ.

૮ ચોરી કરવી તે અદત્તાદાન આ-
શ્રવ.

૯ બ્રહ્મચર્ય ન પાળવુ તે કુશીલા-
શ્રવ.

૧૦ ધન, સુવર્ણ વગેરે પદાર્થો ઉ-
પર મમતા રાખવી તે પરિગ્રહા-
શ્રવ.

૧૧ કાનને નિયમમાં ન રાખે તે શ્રો-
ત્રેંદ્રિયાશ્રવ.

૧૨ આંખને નિયમમાં ન રાખે તે
ચક્ષુરિંદ્રિયાશ્રવ.

૧૩ નાકને નિયમમાં ન રાખે તે ઘ્રાણેંદ્રિયાશ્રવ.

૧૪ જીભને નિયમમાં ન રાખે તે રસેંદ્રિયાશ્રવ.

૧૫ શરીરને નિયમમાં ન રાખે તે સ્પર્શેન્દ્રિયાશ્રવ.

૧૬ મનને નિયમમાં ન રાખે તે મનાશ્રવ.

૧૭ વચનને નિયમમાં ન રાખે તે વચનાશ્રવ.

૧૮ કાયાને નિયમમાં ન રાખે તે કાયાશ્રવ.

૧૯ ઠામ, વાસણ વગેરે વસ્તુ લેતાં

મૂકતાં સંભાળ ન રાખે તે ભં-
ડોપકરણાશ્રવ.

૨૦ મિથ્યાત્વી વગેરેનો કુસંગ કરવો
તે કુસંગાશ્રવ. કુસંગ—ખોટી
સોબત.

૬ સંવરનાં ૨૦ ભેદ છે સંવર—
કર્મ આવવાના રસ્તા બંધ ક-
રવા તે.

૧ સુદેવ, સુગુરૂ અને સુધર્મ ઉપર
શ્રદ્ધા રાખવી તે સમકિતસંવર.

૨ વ્રતપચ્ચખ્ખાણ કરવાં તે વ્રત-
પચ્ચખ્ખાણસંવર.

૩ આળસ, નિંદા વગેરે ન કરતાં

વખતનો સારો ઉપયોગ કરવો તે અપ્રમાદસંવર.

૪ કષાય ન કરવો તે અકષાયસંવર.

૫ મન, વચન અને કાયાનો સારો ઉપયોગ કરવો તે યોગસંવર.

૬ જીવદયા પાળવી તે દયાસંવર.

૭ સત્ય બોલવું તે સત્યસંવર.

૮ ચોરી ન કરવી તે અચૌર્યસંવર.

૯ બ્રહ્મચર્ય પાળવું તે શીળસંવર.

૧૦ પૈસાટકાનું પ્રમાણ કરવું તે ઇચ્છાસંવર.

૧૧ થી ૧૫—કાન, આંખ, નાક, જીભ અને શરીર એ પાંચે ઇંદ્રિયોને વશ કરવી તે ઇંદ્રિયસંવર.

૧૬ થી ૧૮—મન વચન અને કાયા એ ત્રણેને વશ કરવાં તે ગુપ્તિ-સ વર.

૧૯ ઠામ, વાસણ વગેરે વસ્તુ લેતાં તથા મુકતાં સંભાળ રાખવી તે ઉપયોગસંવર.

૨૦ કુસ ગ ન કરવો તે કુસ ગસંવર.

૭ નિર્જરાના બાર ભેદ છે. નિર્જરા—જે કર્મોનો થોડો નાશ થાય તે.

૧ આહારનો ત્યાગ કરી ઉપવાસાદિ કરવુ તે અનશન તપ.

૨ ભૂખ હોય તે કરતાં બે ચાર કોળીયા ઓછું જમવું તે ઊણો-દરી તપ.

૩ ઇચ્છાઓ રોકવા માટે નિયમ ધારવા તે વૃત્તિસંક્ષેપ તપ.

૪ દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ તથા પકવાન્નનો ત્યાગ કરવો તે રસ ત્યાગ તપ.

૫ લોચ તથા કાઉસ્સગ્ગનુ કષ્ટ સહન કરવું ને કાયક્લેશ તપ.

૬ હાથ પગ સ્થિર કરી એક ઠેકાણે બેસી રહેવું તે સલીનતા તપ.

૭ થયેલા પાપ માટે અફસોસ કરવો, તેનુ નિવારણ કરવુ તે પ્રાયશ્ચિત્ત તપ. નિવારણ-દૂર કરવું તે.

૮ મ્હોટાઓનુ માન સાચવવું તે વિનય તપ

૯ તપશ્ચર્યા કરનારા વિગેરેની સેવા ભક્તિ કરવી તે વૈયાવૃત્ય તપ.

૧૦ ભણવું, ગણવું, વાંચવું, પૂછવું, વિચારવું, અને ધર્મકથા કરવી તે સ્વાધ્યાય તપ.

૧૧ મનમાં સારૂ ધ્યાન ધરવુ—માઠું ધ્યાન ન ધરવુ તે ધ્યાન તપ.

૧૨ કર્મનો નાશ કરવા માટે બને તેટલો કાઉસ્સગ્ગ કરવો તે કાયોત્સર્ગ તપ.

૮ બંધ તત્ત્વના ચાર ભેદ છે. બંધ-કર્મનું બાંધવું તે.

૧ કર્મનો સ્વભાવ તે પ્રકૃતિ બંધ.

૨ કર્મને રહેવાનો કાળ તે સ્થિતિ બંધ.

૩ કર્મ પરમાણુઓમાં રહેલો રસ તે રસ બંધ.

૪ કર્મના પરમાણુઓ તે પ્રદેશ બંધ.

૯ મોક્ષ તત્ત્વના ચાર ભેદ છે. મોક્ષ– સર્વ કર્મથી રહિત થવું તે.

૧ વિશેષ જાણવુ તે અનંત જ્ઞાન.

૨ સામાન્ય જાણવુ તે અનંત દર્શન.

૩ આત્માના ગુણોમાં રમવુ, વ- સવું તે યથાખ્યાત ચારિત્ર.

૪ આત્માની અનંતશક્તિ તે સર્વ વીર્ય.

૧૫

પંદરમે બોલે આત્મા આઠ

પ્રકારના છે. આત્મા-જીવ.

૧ શરીર, કુટુંબ અને ધન વગેરેને પોતાનુ માનનારો આત્મા તે દ્રવ્યાત્મા.

૨ ક્રોધ, માન, માયા અને લોભ કરનારો આત્મા તે કષાયાત્મા.

૩ મન વચન અને કાયા વડે ક્રિયા કરનારો આત્મા તે યોગાત્મા.

૪ બાર પ્રકારનાં જ્ઞાન દર્શન રૂપ ઉપયોગમાં વર્તનારો આત્મા તે ઉપયોગાત્મા.

૫ જ્ઞાનમાં વર્તનારો આત્મા તે જ્ઞાનાત્મા.

૬ દર્શનમાં વર્તનારો આત્મા તે દર્શનાત્મા.

૭ ચારિત્રમાં વર્તનારો આત્મા તે ચારિત્રાત્મા.

૮ વીર્યમાં વર્તનારો આત્મા તે વીર્યાત્મા.

૧૬

સોળમે બોલે દંડક ચોવિશ છે દંડક-જેને વિષે જીવો રખડે-ભટકે તે.

૧૧ અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશિકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર, એ દશ ભવન-

પતિ દેવોના દશ દંડક તથા
સાત નારકીના એક દંડક

૫ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય, એ પાંચ સ્થાવરના પાંચ દંડક.

૩ બેઇંદ્રિય, ત્રિંદ્રિય તથા ચઉરિંદ્રિય એ ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક.

૫ તિર્યંચ પચેંદ્રિય, મનુષ્ય, વ્યંતરદેવ, જ્યોતિષી દેવ, અને વૈમાનિક દેવ એ પાંચના પાંચ દંડક.

૧૭

સત્તરમે બોલે લેશ્યા છ છે. લેશ્યા—મનના પરિણામ; તે ઉપર એક દૃષ્ટાંત છે તે આ પ્રમાણેઃ—

માર્ગમાં ભૂલા પડેલા છ પુરૂષો જાબુફળ ખાવાની ઇચ્છાથી તેના ઝાડ નીચે આવ્યા, એકે કહ્યુકે 'આ ઝાડને મૂળમાંથી કાપી નાંખો,' તે કૃષ્ણ લેશ્યાના પરિણામ જાણવા. બીજાએ કહ્યું કે 'થડને રહેવા દઈ બાકી બધું કાપી નાંખો' તે નીલલેશ્યાના પરિણામ જાણવા. ત્રીજાએ કહ્યું કે 'ન્હાની ડાળીઓને કાપી બાકીનુ રહેવા દો' તે કાપોતલે-

શ્યાના પરિણામ જાણવા. ચોથાએ કહ્યું કે 'જાંબુના ઝુમખા કાપી લ્યો, બાકીનું રહેવાદ્યો' તે તેજોલેશ્યાના પરિણામ જાણવા. પાંચમાએ કહ્યું કે 'ઝુમખામાંથી પાકાં જાંબુ તોડી લ્યો, બીજુ કાંઇ ન કરો' તે પદ્મલેશ્યાના પરિણામ જાણવા. છઠ્ઠો બોલ્યો કે ' ભાઇઓ ! શા માટે ઝાડને દુઃખ કરો છો ? આ નીચે પડેલાં જાંબુઓ વીણીને ખાઓ ! ' તે શુકલ લેશ્યાના પરિણામ જાણવા.

૧૮

અઢારમે બોલે દૃષ્ટિ ત્રણ છે. દૃષ્ટિ-શ્રદ્ધા, વિશ્વાસ.

૧ સાચા તત્ત્વને ખોટા અને ખોટા તત્ત્વને સાચા માનનારી દષ્ટિ તે મિથ્યાદષ્ટિ.

૨ સાચા તથા ખોટા તત્ત્વમાં એક સરખી રીતે જોનારી દષ્ટિ તે સમ્યગ્મિથ્યા એટલે મિશ્રદષ્ટિ.

૩ સાચા તત્ત્વને સાચી રીતે અને ખોટા તત્ત્વને ખોટી રીતે જોનારી દષ્ટિ તે સમકિત દષ્ટિ.

૧૯

ઓગણીશમે બોલે ધ્યાન ચાર છે. ધ્યાન-વિચાર કરવો તે.

૧ વ્હાલાનો વિયોગ થવાથી તથા

શરીરે રોગ વગેરે થવાથી જે ચિંતા કરવી તે આર્ત્તધ્યાન.

૨ જીવને મારવાની કે ખોટું બોલવું, ચોરી કરવી વગેરેની ઇચ્છા કરવી તે રૌદ્રધ્યાન.

૩ પ્રભુએ બતાવેલા ધર્મ સંબંધી વિચાર કરવો તે ધર્મધ્યાન.

૪ તીર્થંકર તથા બીજા કેવળજ્ઞાની ભગવાન્ વગેરે જે ધ્યાન કરે છે તે શુકલધ્યાન.

૨૦

વીશમે બોલે દ્રવ્ય છ છે. દ્રવ્ય–પદાર્થ. તેની ઓળખાણ ત્રીશ ભેદે છે.

૧ ધર્માસ્તિકાયદ્રવ્ય, તે દ્રવ્યથી એક છે, ક્ષેત્રથી ચૌદ રાજલોક વ્યાપી છે, કાળથી આદિ અંત રહિત છે, ભાવથી અરૂપી છે અને ગુણથી જીવ તથા પુદ્ગલને ચાલવામાં સહાય કરે છે.

વ્યાપી–પૂર્ણ ભરેલું.
ચૌદરાજલોક–નીચે સાતમી નરકથી ઉપર સિદ્ધશિલા સુધીનું ક્ષેત્ર. આદિ-શરૂઆત, અંત–છેડા, રહિત–વિનાનું, સહાય–મદદ.

૨ અધર્માસ્તિકાય દ્રવ્ય, તે દ્રવ્યથી એક છે, ક્ષેત્રથી ચૌદ રાજ-

લોક પ્રમાણ છે, કાળથી આદિ
અંતરહિત છે, ભાવથી અરૂપી
છે અને ગુણથી જીવ તથા પુ-
દ્‌ગલને સ્થિર રહેવામાં સહાય
કરે છે.

૩ આકાશાસ્તિકાય દ્રવ્ય, તે દ્રવ્ય-
થી એક છે, ક્ષેત્રથી લોક તથા
અલોક પ્રમાણ છે, કાળથી આદિ
અંતરહિત છે, ભાવથી અરૂપી
છે અને ગુણથી જીવ તથા પુદ્‌-
ગલને અવકાશ આપે છે.
અલોક ચૌદ રાજલોકથી અનંત
ગુણો મોટો અને ચૌદ રાજલો-
કની ફરતો છે, અનંત છેડા વ-

ગરનું, અવકાશ–જગ્યા.

૪ કાળ દ્રવ્ય. તે દ્રવ્યથી એક સમયરૂપ છે, ક્ષેત્રથી અઢી દ્વીપમાં છે, કાળથી આદિ અંતરહિત છે, ભાવથી અરૂપી છે અને ગુણથી જુનાનું નવું અને નવાનું જુનું કરે છે.

૫ પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય તે દ્રવ્યથી અનંત છે, ક્ષેત્રથી ચૌદ રાજલોક વ્યાપી છે, કાળથી આદિ અંતરહિત છે, ભાવથી રૂપી છે અને ગુણથી મળી જાય, જુદુ પડી જાય, સડી જાય, પડી જાય અને નાશ પામી જાય એવુ છે.

૬ જીવાસ્તિકાય દ્રવ્ય. તે દ્રવ્યથી અનંત છે, ક્ષેત્રથી ચૌદ રાજલોક વ્યાપી છે, કાળથી આદિ અંતરહિત છે, ભાવથી અરૂપી છે અને ગુણથી ચેતનાવાળું છે. ચેતના—જાણપણું.

૨૧

એકવીશમે બોલે રાશિ બે છે.

રાશિ—સમૂહ.

૧ જગત્‌માં જેટલા જીવો છે તે જીવરાશિ.

૨ જગતમાં જીવ વગરના જેટલા પદાર્થો છે તે અજીવરાશિ.

૨૨

બાવીશમે બોલે શ્રાવકનાં વ્રત બાર છે.

૧ પહેલે વ્રતે ત્રસજીવને હણે નહીં અને સ્થાવર જીવની મર્યાદા કરે હણે નહિ—મારે નહિ, સ્થાવર-જે હાલે ચાલે નહિ તે, મર્યાદા—નિયમ.

૨ બીજે વ્રતે કન્યા સબંધી, ઢોર સબધી, જમીન સબંધી, થાપણ ઓળવવા સંબંધી તથા ખોટી સાક્ષી પૂરવા સબંધી, એમ પાંચ મોટાં અસત્ય બોલે

નહિ. થાપણ ઓળવવી-કોઈ વિશ્વાસ રાખી પૈસા કે ઘરેણું સાચવવા આપી ગયો હોય તે પછો લેવા આવે ત્યારે તેને કહેવું કે 'મારી પાસે તારૂં કાંઈજ નથી! હું તને ઓળખતો નથી! તુ કોણ છે? ચાલ્યો જા!' એમ કહેવુ તે.

૩ ત્રીજે વ્રતે ખીસું કાતરી, ખાતર પાડી, ધાડ પાડી, ઘર ફાડી, તીજોરી તોડી, મોટી ચોરી કરે નહિ.

૪ ચોથે વ્રતે પરસ્રીનો ત્યાગ કરે અને પોતાની સ્રીનું પ્રમાણ કરે.

પર–બીજાની, પ્રમાણ–તિથિએ શિયળ પાળવા વગેરેની મર્યાદા.

૫ પાંચમે વ્રતે ધન, ધાન્ય તથા સોનું, રૂપુ અને ઘર, હાટ વગેરેનુ પ્રમાણ કરે.

૬ છઠ્ઠે વ્રતે જીંદગી સુધી દિશાઓમાં તથા વિદિશા (ખૂણા) ઓમાં જવાનું પ્રમાણ કરે.

૭ સાતમે વ્રતે ન ખાવાલાયક પદાર્થોનો તથા પાપ વ્યાપારોનો ત્યાગ કરે અને ખાવા પીવા તથા પહેરવા ઓઢવાની ચીજો માટે દરરોજ નિયમ ધારે.

૮ આઠમે વ્રતે જેનાથી નકામું પાપ

લાગે એવી બાબતો જેવી કે પરનિંદા, વિકથા વગેરે તથા રમવા જોવાની બાબતો જેવી કે નાટક, ભવાયા, ગંજીપો, ચોપાટ વગેરેનો ત્યાગ કરે, પાપોપદેશ ન કરે ઇત્યાદિ. પર—પારકી. પાપોપદેશ—પાપ લાગે એવું કહેવું તે.

૯ નવમે વ્રતે હરરોજ શાંત ચિત્ત રાખી એક અથવા વધારે સામાયિક કરે.

૧૦ દશમે વ્રતે દિશાઓની મર્યાદાનો સંક્ષેપ કરી દશ સામાયિક કરે, ભણે ગણે પણ બીજું—વ્યા-

પારાદિ ન કરે. સંક્ષેપ=ઘટાડવું તે.

૧૧ અગ્યારમે વ્રતે મહીનામાં પર્વના દિવસો (આઠમ, પાખી વગેરે)માં પોસહ કરે.

૧૨ બારમે વ્રતે પોસહને પારણે મુનિરાજને વ્હોરાવ્યા પછી જમે.

૨૩

ત્રેવિશમે બોલે મુનિરાજનાં મહાવ્રત પાંચ છે

૧ સાધુજી મન, વચન અને કાયા વડે સ્થાવર કે ત્રસ કોઇ જીવને સર્વથા પોતે હણે નહિ, હણાવે નહિ અને હણતાને રૂડું જાણે

નહિ તે પ્રથમ પ્રાણાતિપ-તવિર-
મણ વ્રત. સર્વથા-કોઈપણ રીતે,
રૂડું-સારૂ, અનુમોદે નહિ-વ
ખાણે નહિ.

૨ સાધુજી મન, વચન અને કાયા-
વડે સર્વથા પોતે જુઠું બોલે
નહિ, બીજા પાસે જુઠુ બોલા-
વે નહિ અને જુઠું બોલતાને
રૂડું જાણે નહિ તે બીજું મૃષા-
વાદ વિરમણ વ્રત.

૩ સાધુજી મન, વચન અને કાયા-
વડે સર્વથા પોતે ચોરી કરે
નહિ, બીજા પાસે કરાવે નહિ
અને કરતા પ્રત્યે અનુમોદે નહિ

તે ત્રીજુ અદત્તાદાન વિરમણ વ્રત.

૪ સાધુજી મન, વચન અને કાયાવડે સર્વથા પોતે મૈથુન સેવે નહિ, બીજા પાસે સેવરાવે નહિ અને સેવતા પ્રત્યે અનુમોદે નહિ તે ચોથુ બ્રહ્મચર્ય વ્રત.

૫ સાધુજી મન, વચન અને કાયાવડે સર્વથા પોતે પરિગ્રહ રાખે નહિ, બીજા પાસે રખાવે નહિ અને રાખતા પ્રત્યે રૂડું જાણે નહિ તે પાંચમું પરિગ્રહ વિરમણ વ્રત.

૨૪

ચોવિશમે બોલે ભવાભિનંદી જીવોનાં લક્ષણ આઠ છે. ભવાભિનંદી—પાંચ ઇંદ્રિયોના સુખને ખરૂં સુખ માની સંસારમાંજ આનંદ માનનારા.

૧ સારૂં સારૂં ખાવાનું તથા વસ્ત્ર, પાત્ર મળશે, લોકમાં પૂજાઇશ અને મારા શ્રાવકો થશે એટલે તેનાથી મારૂં ગુજરાન ચાલશે ઇત્યાદિ ઇચ્છાઓથીજ સામાયિક, પૌષધ તથા પ્રતિક્રમણ આદિ ધર્મ કરણી કરે. પાત્ર—વાસણ.

૨ પોતાના ગુણો દરેક રીતે પ્રકટ થાય અને બીજાના અવગુણો પ્રકટ થાય તેવા ઉપાયો કરે.

૩ ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર તથા યશ અને કીર્તિ મેળવવા હમેશાં પ્રયત્ન કરે, તેમાંજ હંમેશાં ધ્યાન રાખે

૪ ભવિષ્યકાળની ચિંતા કરે, જેમકે હું શું ખાઇશ? હવે હુ કેમ કરીશ? કુટુંબનું કેમ થશે? આવા વિચાર કરે પણ આત્માનું કલ્યાણ કરવા વિચાર ન કરે.

૫ બીજામાં ગુણો હોય તે દેખી ન શકે, સહન ન કરી શકે.

૬ મારી પાસે જે પૈસો ટકો, ઘરેણાં, ઘર વગેરે છે તેનો વિયોગ થશે તો ? એવો ભય રાખે.

૭ કપટી હોય.

૮ સર્વ રીતે અજ્ઞાની હોય.

આવા જીવો સંસારમાં ઘણો કાળ રખડનારા ગણાય.

૨૫

પચ્ચીશમે બોલે ચારિત્ર પાંચ છે. ચારિત્ર—જે આચરવાથી કર્મ નો ક્ષય થાય તે. આચરવું-પાળવું.

૧ દીક્ષા લેવી તે સામાયિક ચારિત્ર.

૨ વડી દીક્ષા લેવી તે છેદોપસ્થા

પનીય ચારિત્ર. વડી—મ્હોટી.

૩ દીક્ષા લઇ મ્હોટી તપશ્ચર્યા કરવા માટે નવ મુનિરાજ સમુદાયથી જુદા પડે અને ચારિત્રની વિશુદ્ધિ કરે તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર સમુદાય—જે સાથે રહેતા હોય તે સાધુઓનો સમૂહ. વિશુદ્ધિ—વધારે પવિત્રતા.

૪ લોભના ન્હાના વિભાગ કરી તેનો નાશ કરવા પ્રયત્ન કરતો તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર.

૫ તીર્થંકર તથા બીજા કેવળજ્ઞાની ભગવાન્ વગેરે જે ચારિત્ર પાળે છે તે યથાખ્યાત ચારિત્ર.

૨૬

છવ્વીશમે બોલે નય સાત છે.

૧ નૈગમનય, ૨ સંગ્રહનય, ૩ વ્ય-
વહારનય, ૪ ઋજુસૂત્રનય, ૫
શબ્દનય, ૬ સમભિરૂઢનય અને
૭ એવંભૂતનય.

૨૭

સત્તાવીશમે બોલે નિક્ષેપા ચાર છે. નિક્ષેપ-વસ્તુમાં જે આરોપણ કરવું તે. આરોપણ-દાખલ કરવું.

૧ વસ્તુનું નામ તે નામનિક્ષેપ.
૨ વસ્તુનાં ચિત્ર, અક્ષર કે છબી
તે સ્થાપના નિક્ષેપ.

૩ જેમાંથી વસ્તુ બને તે દ્રવ્ય નિ-
ક્ષેપ

૪ વસ્તુ પોતે તે ભાવનિક્ષેપ.
(શિક્ષકે આ બોલ દૃષ્ટાંતથી સમ-
જાવવો)

૨૮

અઠ્ઠાવીશમે બોલે સમકિત પાંચ છે.

૧ જે સમકિત બે ઘડીથી ઓછો વખત રહી ચાલ્યું જાય તે ઉપ-શમ સમકિત

૨ જે સમકિત અસંખ્ય વખત આવે અને જાય તે ક્ષયોપશમ

સમકિત. અસંખ્ય—ગણી નશ-
કાય તેવી સંખ્યા

૩ જે સમકિત આવ્યા પછી ચાલ્યું
ન જતાં જીવને વધારેમાં વધારે
ત્રણ કે ચાર ભવ કરાવી મોક્ષે
લઇ જાય તે ક્ષાયિક સમકિત.

૪ ઉપશમ સમકિતથી પડતી વ-
ખતે તેનો બહુ થોડો ભાગ બા-
કી રહે ત્યારે જે સમકિત કહે-
વાય તે સાસ્વાદન સમકિત.

૫ ક્ષાયિક સમકિત પામતાં પહેલાં
સમયમાત્ર જે સમકિત હોય તે
વેદકસમકિત. સમય—અતિસૂ-
ક્ષ્મકાળ, સૂક્ષ્મ—ન્હાનો,

૨૯

ઓગણત્રીશમે બોલે રસ નવ પ્રકારના છે. રસ–મીઠાશ, આનંદ, અસર.

૧ જેથી વિષય વિકાર ઉત્પન્ન થાય તે શૃંગારરસ.

૨ જેથી શરીરમાં બળ–જુસ્સો પ્રકટ થાય તે વીરરસ.

૩ જેથી દયા ઉત્પન્ન થાય તે કરૂણારસ.

૪ જેથી હસવું આવે તે હાસ્યરસ

૫ કોઇ ઘણા પાપવાળું કામ થતુ જોવાથી અથવા કરવાથી જે ભયંકર અસર થાય તે રૌદ્રરસ

૬ જેથી ભય ઉત્પન્ન થાય—બીક લાગે તે ભયાનક રસ.

૭ જેથી અચબો—નવાઇ ઉત્પન્ન થાય તે અદ્દભુતરસ.

૮ ભૂંડા શબ્દ સાંભળવાથી જે અસર થાય તે બિભત્સરસ.

૯ જેથી જીવને શાન્તિ વળી જાય, મન સ્થિર થઈ જાય તે શાન્તરસ.

૩૦

ત્રીશમે બોલે ત્યાગ કરવા યોગ્ય અભક્ષ્ય બાવીશ છે. અભક્ષ્ય—ન ખાવા લાયક પદાર્થ.

૧ વડના ટેટા, ૨ પીંપળાનું ફળ, ૩ ઉંબરાનાં ફળ, ૪ પીંપળનાં

ફળ, ૫ કોઠીંબડાં, ૬ મધ, ૭ માખણ, ૮ માંસ, ૯ દારૂ, ૧૦ હીમ પડેછે તે, ૧૧ વિષ તે અફીણ સોમલ વગેરે ઝેરી પદાર્થો, ૧૨ કરા પડે છે તે, ૧૩ સર્વ જાતની કાચી માટી, મીઠું, ૧૪ રાત્રિ-ભોજન, ૧૫ જેમાં ઘણાં બી હોય તેવાં ફળો જેવાં કે—અંજીર, તલ, ખસખસ વગેરે, ૧૬ અ-નંતકાય કંદમૂળ વગેરે, ૧૭ બોળ અથાણું, ૧૮ વિદળ (કાચાં દુધ, દહીં, છાસ સાથે કઠોળ ખાવા તે), ૧૯ રીંગણાં, ૨૦

જેનું નામ ન જાણતા હોઇએ એવાં ફળ, ફૂલ, ૨૧ તુચ્છ ફળ જેવાં કે ચણી બોર વગેરે, ૨૨ ચલિતરસ તે સડેલું અન્નાદિક, (વાસી રોટલી, શીરો, લાપસી વગેરે) જેનો કાળ પૂરો થયાથી સ્વાદ બદલાઇ ગયો હોય-રસ ફરી ગયો હોય તે.

૩૧

એકત્રીશમે બોલે અનુયોગ ચાર છે. અનુયોગ-વર્ણન.

૧ જેમાં છ દ્રવ્ય, આઠ કર્મ, નવ-તત્ત્વ વગેરે બાબતોનું વર્ણન આવતું હોય તે દ્રવ્યાનુયોગ.

૨ જેમાં અઢીદ્વીપ વગેરેમાં આવેલ
પર્વત, નદી, દેશ વગેરેની લં-
બાઇ, પહોળાઇ, ઊંચાઇ તથા
સંખ્યા વગેરેના માપનો હિસાબ
આવનો હોય તે ગણિતાનુયોગ.
માપ—પ્રમાણ.

૩ જેમાં મુનિરાજ તથા શ્રાવકોએ
પોતપોતાનો ધર્મ કેવી રીતે
પાળવો જોઇએ તેની હકીકત
આવતી હોય તે ચરણકરણા-
નુયોગ.

૪ જેમાં પૂર્વે થઇ ગએલા ઉત્તમ
પુરૂષો તથા સ્ત્રીઓની જીંદગી.

નાં વર્ણનો આવતાં હોય તે ધર્મકથાનુયોગ.

૩૨

બત્રીશમે બોલે તત્ત્વ ત્રણ છે.

૧ જેમાં અઢાર દોષ (જેવા કે અજ્ઞાન, નિદ્રા, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, ભય, હાસ્ય વગેરે) ન હોય તે દેવતત્ત્વ.

૨ જે પંચ મહાવ્રત પાળે તે ગુરૂતત્ત્વ.

૩ જેમાં અહિંસા મુખ્ય હોય તે ધર્મતત્ત્વ. અહિંસા-દયા.

૩૩

તેત્રીશમે બોલે સમવાય પાંચ છે.

સમવાય—સાથે રહેનારાં કારણો.

૧ જે વખતે, જે ઋતુમાં જે થતુ હોય તે તેજ વખતે તેજ ઋતુમાં થાય તે કાળ.

૨ જે વસ્તુમાં જેવો સ્વભાવ હોય —તેમાં ફેરફાર નજ થાય તે સ્વભાવ.

૩ ભવિતવ્યતા એટલે જે બનવાનુ હોય તેજ બને તે નિયતિ.

૪ પૂર્વે કરેલા કર્મ પ્રમાણે બધું થાય તે પૂર્વકૃત એટલે કર્મ.

૫ પ્રયત્ન કરવો તે પુરૂષકાર એટલે ઉદ્યમ.

૩૪

ચોત્રીશમે બોલે ચાર પ્રકારના પાખંડીઓના ત્રણશે ને ત્રેસઠ ભેદ છે. પાખંડીઓ—ધૂતારાઓ, ખોટો માર્ગ સમજાવનારાઓ

૧ ક્રિયા કરવામાંજ ધર્મ માનનારા તે ક્રિયાવાદી, તેના એકસો એંશી ભેદ છે.

૨ ક્રિયા નજ કરવામાં ધર્મ માનનારા તે અક્રિયાવાદી, તેના ચોરાશી ભેદ છે.

૩ વિનય કરવાથીજ ધર્મ થાય છે એમ માનનારા તે વિનયવાદી, તેના બત્રીશ ભેદ છે.

૪ અજ્ઞાની રહેવું-જ્ઞાન ભણવું નહિ એમાંજ ધર્મ માનનારા તે અજ્ઞાનવાદી, તેના સડસઠ ભેદ છે

૩૫

પાંત્રીશમે બોલે શ્રાવકના ગુણ એકવીશ છે.

૧ તોછડા સ્વભાવવાળો ન હોય પણ સમુદ્રની પેઠે ગંભીર હોય.

૨ જેને પાંચ ઈંદ્રિયો પૂરેપૂરી હોય અને જે રૂપવંત હોય.

૩ જેની પ્રકૃતિ શાન્ત હોય, જે પાપ કરનારો ન હોય.

૪ જે હંમેશાં સાચે માર્ગે ચાલ-

નારો હોય તેથી સર્વ લોકને પ્રિય લાગે, સર્વ લોકો તેનાં વખાણ કરે.

૫ જેનું હૃદય પવિત્ર હોય, જેનું મન ઘાતકી—પાપી ન હોય.

૬ જે આ લોક તથા પર લોકના દુઃખ તથા અપયશથી બ્હીતો રહે.

૭ જે બીજાને છેતરે નહિ—કપટી ન હોય.

૮ જે બીજાએ કંઇ વસ્તુની માગણી કરી હોય તેને યથાશક્તિ આપે પણ નિરાશ ન કરે, દા-

ક્ષિણ્યવાળો હોય. દાક્ષિણ્ય—શરમ.

૯ જે કુટુંબની લજ્જા મર્યાદા રાખે, ખોટું કામ ન કરે.

૧૦ જે સર્વ જીવો ઉપર દયાળુ હોય.

૧૧ જેની દૃષ્ટિમાં નિર્મળતા હોય, જેની આંખમાં વિકાર ન હોય.

૧૨ જે ગુણી જીવોને માન આપનારો તથા તેઓનોજ પક્ષ કરનારો હોય.

૧૩ જે સારી સારી ધર્મ સંબંધી કથાઓથી ઉપદેશ કરનારો હોય.

૧૪ જેનાં કુટુંબનાં માણસો ધર્મ માર્ગે ચાલનારાં હોય.

૧૫ જે લાંબા વિચારવાળો તથા વિચાર કરીને કામ કરનારો હોય.

૧૬ જે કોઇ પણ જાતના પક્ષપાત તથા અન્યાય વગર ગુણનો તથા દોષનો જાણનાર હોય.

૧૭ જે પાકી-ઘડાયેલી બુદ્ધિવાળા વૃદ્ધ પુરૂષોની સેવા કરનારો તથા તેમના કહ્યા પ્રમાણે ચાલનારો હોય.

૧૮ જે પોતાનાથી વધારે ગુણી જીવોનો વીનય-બહુમાન કર-

નારો હોય.

૧૯ જે કોઇએ પોતાના ઉપર ઉપકાર કર્યો હોય તેનો સારી રીતે બદલો વાળી આપનારો હોય.

૨૦ જે લોભ કર્યાવિગર બીજાનું ભલું કરવામાં પોતાની લક્ષ્મીનો ઉપયોગ કરે.

૨૧ જે ધર્મ સંબંધી દરેક વિધિમા તથા વ્યવહારમાં કુશળ—હોંશીયાર હોય.

એ એકવીશ ગુણ જેમાં હોય તે જીવ ધર્મ પામવાને લાયક કહેવાય.

ॐ

માર્ગાનુસારી જીવના

પાત્રિશ ગુણ.

મોક્ષે જવાના માર્ગ ઉપર ચ્હડે-
લો જીવ તે માર્ગાનુસારી જીવ
કહેવાય.

૧ ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કર-
વું:—હરેક પ્રકારનો વ્યાપાર
નીતિ અને પ્રામાણિકપણાથી
કરવો. નીતિ અને પ્રમાણિકપ-
ણાથી પેદા કરેલો પૈસો લાંબા
વખત સુધી ટકી શકે છે, દગા-

થી અને કપટથી તથા અસત્ય બોલી છેતરીને પૈસો મેળવ્યો હોય તે બધો મૂડી સુદ્ધાં નાશ પામી જાય છે. ધણીની નોકરી નિમકહલાલીથી અને ખરા દિલથી કરવી. પોતાની ફરજમાં બેદરકાર રહેનાર ઉપર એક છૂપી શક્તિ સદા ધ્યાન રાખે છે. તે સારૂં કામ કરનારને બદલો અપાવે છે અને નબળું કામ કરનારને શિક્ષા કરાવે છે —નુકશાન અપાવે છે, એ ચોક્કસ સમજવું. એ શક્તિ કર્મ-પરિણામરૂપ સમજવી.

૨ શિષ્ટ પુરૂષોનાં આચરણની પ્રશંસા કરવીઃ—ઉત્તમ પુરૂષોનાં વર્તન-વર્તણુકના હરેક રીતે વખાણ કરી તેમનામાં રહેલા ગુણો ગ્રહણ કરવા. ગુણીના ગુણ ગાવાથી આપણામાં પણ તેવા ગુણો આવે છે. જુગાર ન રમવો, વેશ્યા કે પરસ્ત્રીસેવન ન કરવું, શિકાર કે ચોરી ન કરવી, મધ, માખણ, માંસ, મદિરા તથા કંદમૂળ આદિ અભક્ષ્ય પદાર્થો ન ખાવા, સદા સત્ય બોલવું; એ શિષ્ટ પુરૂષોનાં આચરણ જાણવાં.

૩ સમાન કુળ તથા શીલવાળા અન્ય ગોત્રીય સાથે વિવાહ કરવો:—બ્રાહ્મણે બ્રાહ્મણ સાથે, ક્ષત્રિયે ક્ષત્રિય સાથે, એવી રીતે સૌ સૌએ પોતપોતાની જ્ઞાતિ સાથે કન્યા લેવાદેવાનો વ્યવહાર રાખવો. જેણે ન ખાવાલાયક પદાર્થો છોડી દીધા હોય તથા જેની લક્ષ્મી, ભાષા અને પહેરવેશ સરખો હોય અને જેનો વંશ અન્ય ઉત્તમ પુરૂષથી ઉતરી આવેલો હોય તેની સાથે વિવાહનો સંબંધ જોડવો.

૪ છ શત્રુઓનો ત્યાગ કરવો:—પરસ્ત્રીસેવન તે કામ, ગુસ્સો કરવો તે ક્રોધ, પૈસો મેળવવાની વધતી જતી તીવ્ર ઇચ્છા તે લોભ, અહંકાર કરવો તે માન બીજાને દુઃખી કરી ખુશી થવું તે હર્ષ અને જ્ઞાતિ, કુળ, બળ, રૂપ, તપ, લક્ષ્મી, વિદ્યા અને લાભ એ આઠ પ્રકારની વસ્તુનો અહંકાર કરવો તે મદ કહેવાય છે. એ છ વૈરીને જીતવા.

૫ ઇંદ્રિયોનો જય કરવો:-પાંચે ઇંદ્રિયોને પહેરવા ઓઢવામાં, ખાવાપીવામાં, પુષ્પ અત્તર

આદિ સૂંઘવામાં, ન ટકાદિ જો-
વામાં અને શૃંગારિક ગાયનો
વગેરે સાંભળવામાં છૂટી મૂકી
દેવી નહિ પણ તેને વશ રાખવી
—કબજે કરવી. સ્પર્શેન્દ્રિય, ર-
સેંદ્રિય, ઘ્રાણેદ્રિય, નેત્રેદ્રિય,
અને શ્રોત્રેદ્રિય એ પાંચ ઇંદ્રિયો
જાણવી. તેનાં બીજા નામ- શ-
રીર, જીભ, નાક, આંખ અને
કાન છે.

૬ ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ ક-
રવો:—જયાં પોતાના રાજયથી
કે બીજાના રાજય તરફથી ભય
રહતો હોય તેવાં તથા જયાં દુ-

કાળ તથા મરકી આદિ મહા રોગો ફાટી નીકળ્યા હોય તેવાં ગામ, નગર વગેરેનો ત્યાગ કરી બીજે સ્થળે રહેવા જવું.

૭ નઠારા પાડોશવાળા, અતિ ગુપ્ત, અતિ પ્રકટ અને પેસવા નીકળવાનાં અનેક દ્વારવાળા ઘરમાં રહેવુ નહિઃ—રહેવાનુ ઘર સારા પાડોશવાળુ હોવુ જોઇએ. શોધતાં મુશ્કેલી પડે તેવું તેમજ તદ્દન જાહેર રસ્તા ઉપર અને પેસવા તથા નીકળવાનાં ઘણાં બારણાવાળું ઘર ન હોવું જોઇએ.

૮ સર્વ પ્રકારનાં પાપથી બ્હીવું- પાપ કરવાથી આ જગત્માં નિંદા થાય છે અને બીજા ભવમાં નરક વગેરેનાં મહા દુઃખો ભોગવવાં પડે છે.

૯ દેશાચાર પાળવો:-જે દેશમાં વસતા હોઇએ તે દેશ પ્રમાણે ખાવું પીવુ તથા પહેરવુ ઓઢવું અને રીતરીવાજ રાખવા જેથી નિંદાપાત્ર ન થવાય. પણ તે સર્વે ધર્મથી વિરૂદ્ધ ન હોવું જોઇએ.

૧૦ કોઇના અવર્ણવાદ ન બોલવા:- સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા,

રાજા, પ્રધાન, ભંડારી અને કોટવાળ વગેરે કોઈ પણ મનુષ્યની નિંદા ન કરવી.

૧૧ આવક પ્રમાણે ખર્ચ કરવોઃ— પેદાશ કેટલી છે? તેનો વિચાર કર્યા વગર આંખો મીંચીને ખર્ચ કરનાર બહુ દુખી થઈ જાય છે માટે આવક કરતાં કાંઈક ઓછો ખર્ચ રાખી થોડું પણ બચાવવું.

૧૨ પોતાના ધન પ્રમાણે વેશ રાખવોઃ—શાહૂકારે શાહૂકારને લાયક અને ગરીબે ગરીબને લાયક કપડાં લત્તાં વગેરે પહેરવાં. એથી

ઉલટી રીતે પહેરવાથી લોકો મશ્કરી અને નિંદા કરે છે.

૧૩ માતા પિતાની સેવા ભક્તિ કરવી—માતા પિતાનો આપણા ઉપર ઘણો ઉપકાર છે, તેનો બદલો વાળવો અત્યંત મુશ્કેલ છે, માટે તેમની ખરા અંત કરણથી ચાકરી બરદાસ્ત કરવી; તેમને કોઇ રીતે ઓછું ન આવવા દેવું અને તેમની જે જે ઇચ્છાઓ હોય તે પૂરી પાડી તેમને દરેક રીતે સંતોષ આપવો, એ ખરા પુત્રની ફરજ છે. તેથી ઉલટી રીતે વર્તનાર કુપુત્ર કહે-

થાય છે અને તેઓ જગત્‌માં
ક્યારે પણ સુખી હોતા—થતા
નથી.

૧૪ ગુણીજનોનો સંગ કરવો—જેવી
સોબત તેવી અસર થાય છે,
સારાની સોબતથી આપણે સુધ-
રીએ છીએ અને નઠારાની સો-
બતથી આપણે બગડીએ તે
તદ્દન સાચી વાત છે. માટે
નઠારાની સોબત કદી પણ નહિ
કરતાં સારા સારા માણસનીજ
સોબત રાખવી.

૧૫ કરેલો ઉપકાર જાણવો—કોઇએ
આપણો ઉપકાર કર્યો હોય તો

તેનો પોતાનાથી જે રીતે બને
તે રીતે બદલો વાળી આપવો,
ગુણચોર કદી થવુ નહિ

૧૬ અજીર્ણ હોય ત્યારે ભોજન ક-
રવું નહિ—રોગ માત્રનું મૂળ
કારણ ખાધેલું ન પચ્યુ હોય
તેજ છે. તેવી સ્થિતિ હોય ત્યારે
જરૂર જેટલો વખત બીલકુલ
ન ખાવું અથવા હલકું ખાવું.

૧૭ વખતસર ભોજન કરવુ—જ-
મવાના વખતમાં મોડું ન કરવુ
પણ ક્ષુધા લાગી છે કે નહિ તે
તો પ્રથમ તપાસવું, જે ખોરાક

પોતાને માફક આવતો હોય તેજ ખાવો. જમતી વખતે ફીકર ચિંતા છોડી આનંદથી બરાબર ચાવીને જમવું. ખોરાક સ્વાદિષ્ટ હોય તોપણ હદ ઉપરાંત ન જમવું, આવી રીતે વર્તનાર કદી માંદો પડતો નથી

૧૮ વ્રતધારી અને જ્ઞાનવૃદ્ધ પુરૂષની સેવા કરવી;--જેઓ ધર્મિષ્ટ હોય, બોધવાળા હોય, ડાહ્યા હોય એવાઓની ભક્તિ કરવી તથા બહુમાન કરવું. વયે કરી વૃદ્ધ હોય તેનો પણ વિનય સાચવવો અને તેઓના કહ્યા પ્રમા-

ણે કરવું વિદ્વાનોના સદા દાસ થઇ રહેવુ.

૧૯ નિંદિત કાર્યમાં પ્રવર્તવું નહિ —જે કામ કરવાથી આ લોકમાં સમજુ માણસો આપણી નિંદા કરે તથા પરલોકમાં આપણી માઠી ગતિ થાય તેવુ કામ ન કરવુ.

૨૦ ભરણ પોષણ કરવા યોગ્યનું ભરણ પોષણ અવશ્ય કરવું —માતાપિતા, સ્ત્રી, પુત્ર, પરિવાર તથા પોતાને આધારે રહેલાં અન્ય સગાવ્હાલાં તથા નોકર ચાકરનું ખાનપાન તથા

કપડાં લત્તાં વગેરેથી યોગ્ય રીતે રક્ષણ કરવુ. માબાપ વગરનાં લાગતાં વળગતાં છોકરાંઓને ખાસ આધાર આપવો અને તેમને સારે રસ્તે ચ્હડાવવા.

૨૧ હરેક કામ વિચાર કરીને કરવુ —કોઇ પણ કામની શરૂઆત કરતાં પહેલાં તેનુ પરિણામ શું આવશે, તેનો વિચાર કરી પછી તે કામ લેવું અગર ન લેવુ. માથે ઉપાડેલું કામ અધુરૂ ન મુકવુ પણ પાર પાડવું.

૨૨ હમેશાં ધર્મ સાંભળવો: -ગુરૂ પાસેથી સદા ધર્મનું શ્રવણ કર-

ળુ અથવા સારાં સારાં પુસ્તકો નિરંતર વાંચવાં. એથી આપણી દરેક પ્રકારે ચ્હડતી અને કલ્યાણ થાય છે. નકામો વખત ન ગાળવો.

૨૩ પ્રાણી માત્ર ઉપર દયા રાખવી —ન્હાનાથી મ્હોટા સુધી દરેક જીવ ઉપર દયા રાખવી. દરેક જીવને સુખ થાય તેમ કરવું. આપણા વચનથી પણ કોઇને શોક સંતાપ ન થવો જોઇએ. ખરા જૈનનો એ ધર્મ છે

૨૪ બુદ્ધિના આ ૮ ગુણ ધારણ કરવાઃ —શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા

કરવી, શાસ્ત્ર સાંભળવું, તેનો
અર્થ સમજવો, તે યાદ રાખ-
વો, તેમાંથી પ્રશ્ન ઉઠાવવો, પ-
શ્નનો ખુલાસો મેળવવો, પછી
તેમાં શંકા ન રાખવી અને
છેવટે અમુક હકીકત આમજ
છે એમ નક્કી કરવું. આ બુદ્ધિ-
ના આઠ ગુણ છે.

૨૫ ગુણીજનનો પક્ષપાત કરવોઃ–
સદ્ગુણી માણસોને દરેક પ્રકારે
સહાય કરવી, તેઓનુ દુઃખ દુર
કરવુ અને તેઓ કારણ વિના
નિર્દોષપણે કયાંઇ ફસાઇ પડયા
હોય તો તેમાંથી તેમને ગમે

તેટલી મહેનતે તથા ખર્ચે પણ છોડાવવા.

૨૬ હમેશાં અકદાગ્રહી થવુઃ—'મારૂં તે સાચું' એમ ન ગણતાં 'સાચું તે મારૂં' એમ ગણવું પણ ખોટી વાતને હઠ કરી પકડી ન રાખવી. પોતાની ભૂલ હોય અને તે બીજો જણાવે તો ઘણી ખુશીથી તે કબૂલ કરી (પોતાની ભૂલ) સુધારવી દુરાગ્રહી ન થવું.

૨૭ નિરંતર વિશેષ જ્ઞાન મેળવવુઃ—દિવસે દિવસે પોતાના જ્ઞાનમાં થોડો પણ વધારો કરવો. દુનીયામાં જાણવાનુ ઘણુ છે તેથી

વિદ્યા મેળવવામાં સંતોષ ધારણ
ન કરવો. સંસારરૂપી શાળામાં
નવું નવું જાણવાને અંગે સદા
વિદ્યાર્થી થઇને રહેવું.

૨૮ અતિથિ, સાધુ તથા દીનજનોને
યથાયોગ્ય સત્કાર કરવોઃ-મેમાન
આવ્યા હોય તેની ખાતરી-બ-
રદાસ્ત કરવી, મુનિરાજ પધાર્યા
હોય તેમને અને કોઈ દુઃખી
માણસ આંગણે આવી ચ્હડયો
હોય તો તેને બની શકે તો દિ-
લાસો આપી હરકોઇ પ્રકારે તેનું
દુઃખ દૂર કરવું પણ આંગણે

આવેલા કોઇનો તિરસ્કાર કરવો નહિ.

૨૯ પરસ્પર હરકત ન આવે એવી રીતે ત્રણ વર્ગ સાધવાઃ—ધર્મ કરવાના વખતે ધર્મ કરવો; પૈસા પેદા કરવાના વખતે પૈસા પેદા કરવા અને ઇચ્છિત પદાર્થ ખાવા પીવા તથા પહેરવા ઓ-ઢવા વગેરેથી સુખ તથા આ-નંદ મેળવવાના વખતે તે કરવું. કહેવાની એ મતલબ છે કે ધર્મ કરવાના વખતે પૈસા પેદા કર-વાથી ધર્મને હરકત પહોંચે છે અને પૈસા પેદા કરવાના વખતે

ધર્મ કરવાથી પૈસા પેદા કર-
વાના કામને હરકત પહોંચે છે,
તેજ પ્રમાણે ખાવા પીવા વગે-
રેથી આનંદ મેળવવાના વખતે
ધર્મ અગર પૈસા પેદા કરવામાં
આવેતો તેને (આનંદ મેળવવા-
ના કામને) હરકત પહોંચે છે.
સંસારમાં આ ત્રણે બાબતની
જરૂર છે, તેથી કોઇનાથી કોઇ-
ને હરકત ન પહોંચે એવી રીતે
આખા દિવસમાં વખત બાંધી,
જે વખતે જે કામ કરવાનું હોય
તે વખતે તે કરવુ. એક બીજા
વર્ગને બાધા થવા ન દેવી.

૩૦ નિષેધ કરેલા દેશમાં જવું નહિ અને મના કરેલા વખતે કામ કરવું નહિઃ— જે દેશમાં જવાની શાસ્ત્ર રજા ન આપતા હોય તથા રાજાએ મના કરેલી હોય તે દેશમાં જવું નહિ. તેમજ જે વખતે જે કામ કરવાની ના પાડી હોય તે વખતે તે કામ કરવું નહિ. તેમ કરવાથી લાભને બદલે હાનિ થાય છે.

૩૧ સ્વપરના બળ તથા અબળનો વિચાર કરવોઃ—કોઇ સાથે ચર્ચામાં કે યુદ્ધમાં ઉતરવું હોય કે કોઇ કામ હાથપર લેવું હોય

ત્યારે તે તે કાર્યો કરવામાં પોતાનું તથા બીજાનું બળ કેટલું છે? નિર્બળતા કેટલી છે? તેનો વિચાર કરવો; પછી જેમ ઠીક લાગે તેમ કરવું.

૩૨ જનસમૂહના મતને માન આપવુ —જે કામ કરવાથી બહુ લોકથી વિરૂદ્ધ થઇ જવાતું હોય તો તે કાર્ય ન કરવુ. એવુ કાર્ય કદાચ સારૂં હોય તોપણ જો તેથી લોકો ઉશ્કેરાઇ જતા હોય તો તે વખતે કાળક્ષેપ કરવો અગર વખત પ્રમાણે વર્તવું, શાન્તિથી લોકમત કેળવવો, સારા

વખતની રાહ જોવી અને તેવો
વખત આવ્યે તે કામ કરવુ
૩૩ સદા પરોપકાર કરવોઃ-શરીર
નાશ પામનારૂ છે-જીંદગીનો
ભરોંસો નથી એમ સમજી દરેક
જીવનું જે રીતે બની શકે તે
રીતે ભલુ થાય તેટલું કરી લે-
વું-જેટલું ભલુ કર્યું હશે તેટ-
લુંજ બીજી ગતિમાં જતાં સાથે
આવશે એ ચોક્કમ સમજવું.
૩૪ લજ્જાળુ થવુંઃ-દરેક કામ ક-
રતી વખતે પોતાની આબરૂની
સંભાળ પહેલી રાખવી. એવું
કામ ન કરવુ કે જેથી આપણી

આબરૂ ધૂળ મળી જાય! અને આપણા કુળને કલંક લાગે, બટ્ટો બેસે અથવા આપણે શરમાવું પડે!

૩૫ સૌમ્ય દૃષ્ટિ થવુ -કયારે પણ ગુસ્સે ન થવુ, મુખ ઉપર સદા શાન્તતા ધારણ કરવી જેથી બીજા લોકો આપણુ મુખ જોઇ આનંદિત થાય, એટલુ જ નહિ, પણ પોતાના અંદર રહેલા ક્રોધ, અદેખાઇ તથા વૈર વગેરેના ત્યાગ કરે.

આ માર્ગાનુસારીના ૩૫ ગુણો ધર્મસંગ્રહ ગ્રંથને અનુસારે લખ-

વામાં આવ્યા છે. જે જીવો એવા ગુણોવાળા હોય તેને ધર્મ પામવાની લાયકાતવાળા સમજવા.

ૐ

આવશ્યક સૂત્રોનો સંક્ષિપ્ત *ભાવાર્થ.

નવકાર (પંચમંગલ સૂત્ર)– આમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એ પાંચ પર-

---

*આ સબંધી વિશેષ હકીકત માટે મેસાણા તરફથી પ્રકટ થયેલ પંચપ્રતિક્રમણ સૂત્રાર્થના પુસ્તકો જોવા.

મેષ્ઠીને નમસ્કાર કરવામાં આવ્યો છે. એથી સર્વ પાપ તથા વિઘ્નો દૂર થાય છે.

૫ ચિંદિય—આમાં આચાર્યના છત્રીશ ગુણોનું વર્ણન છે અને તે ક્રિયા કરતાં સ્થાપના સ્થાપતી વખતે બોલાય છે.

પ્રણિપાત (ખમાસમણ)—આથી દેવગુરૂને વંદન કરાય છે.

ઈચ્છકાર—આથી ગુરૂને સુખસાતા પૂછાય છે.

ઇરિયાવહિય, તસ્સઉત્તરી—આથી હાલતાં ચાલતાં લાગેલાં પાપને દૂર કરવામાં આવે છે.

અન્નત્થ–આમાં કાઉસ્સગ્ગના સોળ આગારનું વર્ણન છે.

લોગસ્સ (નામસ્તવ)–આમાં ચોવીશ તીર્થંકરની નામપૂર્વક સ્તુતિ છે.

કરેમિભંતે–આ સામાયિક લેવાનુ પચ્ચખ્ખાણ છે. એમાં સામાયિક લઇને નિદ્રા, વિકથા વગેરે ન કરવુ તે બતાવ્યુ છે.

સામાઇઅ વયજુત્તો–આમાં સામાયિક એ બે ઘડીનું ચારિત્ર છે તે બતાવ્યું છે અને તેથી તેનું વારવાર કરવાપણુ બતાવ્યુ છે.

જગચિંતામણિ–આ ગૌતમસ્વા-

મીએ રચેલુ ચૈત્યવંદન છે, એમાં અષ્ટાપદ પર્વત ઉપર વિરાજેલા ચોવીશ તીર્થંકરો તથા બીજા પણ તીર્થંકરો તથા તીર્થોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

જં કિંચિ–આમાં જે કોઇ નામરૂપે તીર્થ હોય તેને તથા ત્રણ લોકમાં રહેલી પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

નમુત્થુણં (શક્રસ્તવ)-ઇંદ્રમહારાજ જ્યારે ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે આ સૂત્ર બોલેછે, એમાં ભગવાનના ગુણોનુ વર્ણન છે.

જાવંતિચેઇઆઇં–આમાં ત્રણ લો-

કોની પ્રતિમાઓને નમસ્કાર કર્યાં છે.

જાવંતકેવિસાહૂ-આમાં ભરત, ઐરવત અને મહાવિદેહની અંદર રહેલાં સાધુ, સાધ્વીઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

નમોઽર્હત્–આમાં પંચ પરમેષ્ઠીઓને નમસ્કાર કર્યા છે.

ઉવસગ્ગહરં–આ શ્રીપાર્શ્વનાથનું ગુણસ્તુતિરૂપ સ્તવનશ્રી ભદ્રબાહુસ્વામીનું કરેલું છે તે સર્વ વિઘ્નોનો નાશ કરનાર છે.

જયવીયરાય–આમાં પ્રભુની પાસે

કેટલીએક ઉત્તમ પ્રાર્થના કરવામાં આવી છે.

અરિહિંતચેઇઆણં (ચૈત્યસ્તવ) આમાં જ્યાં દેવવંદન કરતાં હોઇએ તે એક દહેરાની પ્રતિમાઓને વંદન કરવામાં આવ્યું છે.

કલ્લાણકદં-આ શ્રીઋષભદેવ, શાન્તિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી વગેરેની સ્તુતિ છે.

સંસારદાવા—આ શ્રીમહાવીર સ્વામીની સ્તુતિ શ્રી હરિભદ્રસૂરિની રચેલી છે.

પુખ્ખરવરદી (શ્રુતસ્તવ) આમાં

વિચરતા તીર્થંકરોની તથા જ્ઞાનની સ્તુતિ છે.

સિદ્ધાણં બુદ્ધાણં (સિદ્ધસ્તવ) આમાં સર્વે સિદ્ધ, મહાવીરસ્વામી, નેમિનાથ તથા અષ્ટાપદ ઉપર વિરાજમાન ચોવીશ તીર્થંકરની સ્તુતિ છે.

વેયાવચ્ચગરાણં–આથી સમકિતી દેવોને સંભારવામાં આવે છે.

ઇચ્છામિઠામિ–આથી આખા દિવસમાં લાગેલાં પાપને સામાન્ય રીતે જાહેર કરી તેની માફી માગવામાં આવે છે

નાણંમિ૦–આમાં આઠ ગાથામાં

જ્ઞાનદિ પાંચ આચારના ભેદનુ
વર્ણન છે.

વાંદણાં (સુગુરૂવંદન)—આથી સુ-
ગુરૂને વંદન કરી તેમની પ્રત્યે
થયેલા દોષની ક્ષમા યાચવામાં
આવે છે.

સાત લાખ—આમાં ચોરાશી લાખ
યોનીવાળા જીવો હણાયા હોય
તે બાબત મિચ્છાદુક્કડ દેવામાં
આવે છે.

અઢાર પાપસ્થાનક—આમાં અઢાર
પ્રકારે પાપ બંધાય છે તેનાં નામ
છે અને પછી તેવી રાતે લાગેલાં
પાપની ક્ષમા માગવામાં આવી

છે. (મિચ્છાદુક્કડ દેવામાં આ-
વેલ છે.)

સવ્વસ્સવિ-આમાં લાગેલાં પાપને
અતિ ટુંકામાં કહેવા સાથે તેની
માફી માગવામાં આવી છે.

વંદિત્તુ(શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર)-આથી
શ્રાવકનાં બાર વ્રતમાં લાગેલા
દોષને બહુ દિલગીરી સાથે વિ-
સ્તારથી જાહેર કરી, તેવા દોષો
ફરીથી ન લાગે તેવી ઇચ્છાસાથે
તે બાબત માફી માગવામાં
આવે છે.

અબ્ભુટ્ઠિઓ-(ક્ષામણકસૂત્ર)-આ-
થી ગુરૂમહારાજના આપણાથી

જે જે અપરાધ થયા હોય તે જાહેર કરી તેમની પાસે માફી માગવામાં આવે છે.

આયરિય ઉવજઝાયે—આમાં આચાર્ય, ઉપાધ્યાય, સકળ સંઘ તથા સર્વ જીવો ઉપર ક્રોધ થયો હોય, નો તેની તથા તેઓના બીજા જે કાંઇ અપરાધ થયા હોય તે બાબતની માફી માગવામા આવવા છે.

નમોસ્તુ૦-આ શ્રીવીર પરમાત્માની સ્તુતિ છે. તે સાંજે દેવસી પ્રતિક્રમણમાં બોલાય છે.

વિશાલલોચન—આ પણ શ્રી વીર-

પ્રભુની સ્તુતિ છે. તે સવારે રાઇસીપ્રતિક્રમણમાં બોલાય છે.

સુઅદેવયા-આશ્રુતદેવીનીસ્તુતિછે.

જીસેખિત્તે-આ ક્ષેત્રદેવીની સ્તુતિછે.

કમલદલ-આ શ્રુતદેવીની સ્તુતિ છે. તે સ્ત્રીઓ કહે છે.

યસ્યાઃ ક્ષેત્રં-આ ક્ષેત્રદેવીની સ્તુતિ છે.

જ્ઞાનાદિ૦-આ ભુવનદેવીની સ્તુતિ છે.

અઢ્ઢાઇજ્જેસુ(મુનિવંદનસૂત્ર)-આથી અઢીદ્વીપમાં રહેલા મુનિઓને નમસ્કાર કરવામાં આવે છે.

વરકનક-આથી એકસોસીત્તેર તી-

ર્થંકરોને વંદન કરવામાં આવે છે.

લઘુશાન્તિ-શ્રીનાડુલનગરમાં મરકી હડાવવા શ્રીમાનદેવસૂરિએ આ સ્તોત્ર રચ્યુ છે. એને ભણવાથી, સાંભળવાથી તથા એથી મંત્રેલું જળ છાંટવાથી સર્વ રોગો દૂર થાય છે અને શાન્ત ફેલાય છે

ચઉક્કસાય-આ શ્રી પાર્શ્વનાથનું ગુણસ્તુતિરૂપ ચૈત્યવંદન છે.

ભરહેસર--આ બ્રહ્મચર્યવાળા તથા બીજી રીતે ઉત્તમ પુરૂષો અને સ્ત્રીઓનાં નામો ગણાવ્યાં છે.

સકલતીર્થ (તીર્થવંદનામૃત્ર)-આ-માં ત્રણ લોકની અંદર આવેલાં

શાશ્વતાં તથા અશાશ્વતાં ચૈત્યો તથા તેની અંદર રહેલી પ્રતિમાઓની સંખ્યા બતાવી તેઓને નમસ્કાર કરવામાં આવ્યો છે. આ શ્રીજીવવિજયજીનું રચેલું છે.

સ્નાતસ્યા-આ શ્રીબાલચંદ્રસૂરિની રચેલી મહાવીરસ્વામીની સ્તુતિ છે.

સકલાર્હત--શ્રીહેમચંદ્રાચાર્યનું રચેલું આ ચૈત્યવંદન છે. એમાં ચોવીશ તીર્થંકરની જૂદા જૂદા શ્લોકથી સ્તુતિ કરવામાં આવી છે.

અજિત શાન્તિ—શ્રીનન્દિષેણસૂરિ-
નું રચેલું આ અજિતનાથ અને
શાન્તિનાથનુ ભેગુ સ્તવન છે.
શ્રી શત્રુંજય ઉપર આ બન્ને
ભગવાન્નાં દેહરાં સામસામાં
હતાં પણ આ સ્તવન રચાઇ
બોલાતી વખતે તે એક હારમાં
આવી ગયાં એમ કહેવાય છે.
બૃહત્શાન્તિ-ભગવાન્ જન્મે છે
ત્યારે તેમને મેરૂ પર્વત ઉપર
ન્હવરાવવા ઇંદ્રો અને દેવતાઓ
લઇ જાય છે ત્યાં તેમને ન્હવ-
રાવ્યા પછી તેઓ આ શાન્તિ-
પાઠ બોલે છે. આની અંદર અ-

નેક જીવોની અનેક પ્રકારે શાન્તિ ઇચ્છવામાં આવી છે. આને શ્રીનેમિનાથ પ્રભુની માતા શિવાદેવીએ દેવીપણામાં રચેલી છે એમ કહેવાય છે.

સંતિકરં---શ્રી મુનિસુંદરસૂરિએ રચેલું આ શ્રી શાન્તિનાથનું સ્તવન છે તેની અંદર કેટલાએક દેવ તથા દેવીઓની આપણા રક્ષણને માટે પ્રાર્થના કરવામાં આવી છે.

અતિચાર–આ પાખી વગેરે પ્રતિક્રમણ વખતે બાર વ્રતમાં લાગેલા દોષ દુર કરવા માટે બોલવામાં

આવે છે તેમાં નીચે જણાવેલા અધિકારો છેઃ--

જ્ઞાનાચાર-જ્ઞાનને ભણવું તથા ભણાવવું

દર્શનાચાર સમકિત પાળવું તથા પાળાવવું તે.

ચારિત્રાચાર-સંયમ પાળવુ તથા પાળાવવુ તે

સમકિત-દેવ, ગુરૂ અને ધર્મની પરીક્ષા કરી તે ઉપર શ્રદ્ધા રાખવી તે

પહેલુ વ્રત-જીવહિંસા ન કરવી તે.

બીજું વ્રત-ખોટું ન બોલવું તે.

ત્રીજુ વ્રત-ચોરી ન કરવી તે.

ચોથું વ્રત–બ્રહ્મચર્યનો નિયમ ક-
રવો તે.

પાંચમું વ્રત–ધન ધાન્ય, તથા સોનું
રૂપું અને ઘર હાટ વગેરેનું પ્ર-
માણ કરવું તે.

છઠું વ્રત–જીંદગી સુધી દિશાઓમાં
તથા ખુણાઓમાં જવાનું પ્ર-
માણ કરવું તે.

સાતમું વ્રત–ન ખાવાલાયક પદાર્થો
તથા પાપ વ્યાપારોનો ત્યાગ
કરવો અને ખાવા પીવા તથા
પહેરવા ઓઢવાની ચીજો માટે
હરરોજ નિયમ ધારવા તે.

આઠમું વ્રત–જેનાથી નકામું પાપ

લાગે એવી આમનો જેવી કે-
વિકથા, નિંદા વગેરે તથા રમવા
જોવાની બાબતે જેવી કે નાટક,
ભવાયા, ગંજીપા, ચોપાટ વગેરે-
નો ત્યાગ કરવો તે.

નવમું વ્રત-દરરોજ શાન્ત ચિત્ત
રાખી એક સામાયક કરવું તે.

દશમું વ્રત-આખા દિવસમાં દશ
સામાયિક કરી ભણવું, ગણવું
પણ બીજું વ્યાપારાદિ કાંઇ ન
કરવું તે.

અગ્યારમું વ્રત-મહીનામાં પર્વના
દિવસો (આઠમ, પાખી વગેરે)
માં પોસહ કરવો તે.

બારમું વ્રત-પોસહને પારણે મુનિરાજને વહોરાવી પછી જમવું તે.

સંલેષણા—મરણ સમયે ગતિ સુધારવા માટે વ્રત, પચ્ચખ્ખાણ કરવાં તે.

બાહ્યતપ—જેને બીજાએ: દેખી શકે એવો ઉપવાસાદિ તપ કરવો તે.

અભ્યંતરતપ—જેને બીજાઓ ન દેખી શકે એવો પશ્ચાત્તાપ, વિનયાદિ તપ કરવો તે.

વીર્યાચાર—ધર્મ સંબંધી ક્રિયાઓ તથા કાર્યોમાં પોતાની શક્તિનો સદુપયોગ કરવો તે.

આ સર્વમાં લાગેલા દોષો અતિચારમાં જણાવેલા છે.

મન્હજિણાણં-આ સજઝાયમાં શ્રાવકને કરવા યોગ્ય છત્રીશ કૃત્યોનું વર્ણન છે.

જયપહુત્ત (સપ્તતિશત સ્તોત્ર)-આ સ્તોત્રમાં એકસો સિત્તેર તીર્થંકરની સ્તુતિ છે. શ્રીમાનદેવસૂરિએ કોઇ વખતે શ્રી સંઘમાં વ્યંતરે કરેલ ઉપસર્ગ દૂર કરવા આ રચ્યું છે.

નમિઊણ (મહાભયહર સ્તોત્ર) આ શ્રીમાનતુંગસૂરિએ રચેલું શ્રી પાર્શ્વનાથનું સ્તોત્ર છે. એને સ્થિરચિત્તે ભણવાથી મ્હોટા

મ્હોટા ભય તથા વ્યાધિઓ નાશ પામે છે.

ભક્તામર—આ પણ શ્રીમાનતુંગસૂરિએ રચેલુ શ્રી આદિનાથનું સ્તોત્ર છે. આ આચાર્ય મહારાજને કોઇ રાજાએ ૪૨ બેડીઓ પહેરાવી હતી. તેઓ જેમ જેમ શ્લોકો રચતા ગયા તેમ તેમ તે બેડીઓ ત્રૂટતી ગઇ, આથી જૈનધર્મની બહુ ઉન્નતિ (ચઢતી) થઇ અને રાજા જૈનધર્મમાં પ્રીતિવાળો થયો. આને ભણવાથી ઇચ્છા પ્રમાણે આરોગ્ય (રોગ રહિતપણું)તથા લક્ષ્મી મળે છે.

કલ્યાણમંદિર—આ શ્રીસિદ્ધસેનદિ-
વાકરસૂરિએ રચેલું શ્રી પાર્શ્વ-
નાથનું સ્તોત્ર (સ્તવન) છે શ્રી
ઉજજયિની નગરીમાં મહાકાળ
નામના જૈનમંદિરમાં શ્રી પા-
ર્શ્વપ્રભુની પ્રતિમા હતા, તેને
બ્રાહ્મણોએ શિવલિંગ પધરાવી
ઢાંકી દીધી હતી. બાદ આ સ્તો-
ત્રના રચનાર આચાર્ય મહારાજ
ત્યા ગયા અને આ સ્તોત્ર રચ્યુ.
તેનો અગ્યારમો શ્લોક રચતાં તે
લિંગ ફાટયુ અને પ્રતિમાજી
પ્રકટ થયાં આને ભણવાથી સર્વ
પ્રકારના સુખ મળે છે.

રત્નાકરપચ્ચીશી—આ રત્નાકર સૂરિની રચેલી પ્રભુસ્તુતિ છે. એમાં આચાર્ય મહારાજે પોતામાં રહેલા દોષો તથા અવગુણોની નિંદા કરી છેવટે સમકિતની યાચના(માગણી)કરીછે.

ચોવિશ તીર્થંકરનાં નામ.

૧ લા ઋષભદેવ (એમનું બીજું નામ આદીશ્વર),૨ જા અજિતનાથ, ૩ જા સંભવનાથ, ૪ થા અભિનંદનસ્વામી, ૫ મા સુમતિનાથ, ૬ ઠ્ઠા પદ્મપ્રભ, ૭ મા સુપાર્શ્વનાથ, ૮ મા ચંદ્રપ્રભ, ૯ મા સુવિધિનાથ

(એમનું બીજું નામ પુષ્પદંત છે), ૧૦ મા શીતળનાથ, ૧૧ મા શ્રેયાંસનાથ, ૧૨ મા વાસુપૂજ્યસ્વામી, ૧૩ મા વિમળનાથ, ૧૪ મા અનંતનાથ, ૧૫ મા ધર્મનાથ, ૧૬ મા શાન્તિનાથ, ૧૭ મા કુંથુનાથ, ૧૮ મા અરનાથ, ૧૯ મા મલ્લીનાથ, ૨૦ મા મુનિસુવ્રતસ્વામી, ૨૧ મા નમિનાથ, ૨૨ મા નેમિનાથ (એમનું બીજું નામ અરિષ્ટનેમિ), ૨૩ મા પાર્શ્વનાથ અને ૨૪ મા મહાવીરસ્વામી (એમનું બીજું નામ વર્ધમાનસ્વામી).

ચોવિ.શ તીર્થંકરોનાં લાંછન

૧ ઋષભદેવનું વૃષભ (બળદ).
૨ અજિતનાથનું હસ્તી (હાથી).
૩ સભવનાથનું અશ્વ (ઘોડો).
૪ અભિનન્દનસ્વામીનું કપિ (વાં-
દરો).
૫ સુમતિનાથનું ક્રૌંચપક્ષી.
૬ પદ્મપ્રભપ્રભુનું પદ્મ (કમળ.).
૭ સુપાર્શ્વનાથનુ સ્વસ્તિક (સા-
થીયો).
૮ ચંદ્રપ્રભપ્રભુનુ ચંદ્ર.
૯ સુવિધિનાથનું મગરમચ્છ.
૧૦ શીતળનાથનું શ્રીવચ્છ.
૧૧ શ્રેયાંસનાથનું ખડ્ગી (ગેંડો).

૧૨ વાસુપૂજ્યસ્વામીનું મહિષ (પાડો.).
૧- વિમળનાથનું વરાહ (ભૂંડ).
૧૪ અનંતનાથનું સીંચાણોપક્ષી.
૧૫ ધર્મનાથનું વજ્ર
૧૬ શાન્તિનાથનુ મૃગ (હરણ).
૧૭ કુંથુનાથનું છાગ (બકરો).
૧૮ અરનાથનું નંદાવર્ત સ્વસ્તિક.
૧૯ મલ્લિનાથનું કુંભ (કળશ).
૨૦ મુનિસુવ્રતસ્વામીનું કચ્છપ (કાચબો).
૨૧ નમિનાથનુ નીલોત્પલ (લીલું કમળ).
૨૨ નેમિનાથનુ શંખ.
૨૩ પાર્શ્વનાથનુ સર્પ.

૨૪ મહાવીરસ્વામીનું સિંહ.

ચોવિશ તીર્થંકરના વર્ણ.

વર્ણ–શરીરનો રંગ.

પદ્મપ્રભ અને વાસુપૂજ્યસ્વામીનો વર્ણ રાતો છે.

ચંદ્રપ્રભ અને સુવિધિનાથનો વર્ણ ઉજ્જવળ (ધોળો) છે.

મલ્લિનાથ અને પાર્શ્વનાથનો વર્ણ લીલો છે.

મુનિસુવ્રતસ્વામી અને નેમિનાથનો વર્ણ શ્યામ (કાળો) છે.

બાકીના સોળે તાર્થંકરોનો વર્ણ કાંચન જેવો (પીળો) છે.

નવ પદનાં નામ.

૧ લે પદે અરિહંત, ૨ જે પદે સિદ્ધ, ૩ જે પદે આચાર્ય, ૪ થે પદે ઉપાધ્યાય, ૫ મે પદે સાધુ, ૬ ઠ્ઠે પદે દર્શન, ૭ મે પદે જ્ઞાન, ૮ મે પદે ચારિત્ર, ૯ મે પદે તપ.

નવ પદના વર્ણ.

અરિહંતનો વર્ણ ધોળો છે.
સિદ્ધનો વર્ણ રાતો છે.
આચાર્યનો વર્ણ પીળો છે.
ઉપાધ્યાયનો વર્ણ લીલો છે.
સાધુનો વર્ણ કાળો છે.
જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનો વર્ણ ધોળો છે.

નવે પદનું ધ્યાન ધરતી વખતે ઉપર મુજબ વર્ણો ગણવા.

પ્રભુ દર્શન કરતી વખતે બોલવા યોગ્ય દૂહા.

પ્રભુ દરિશન સુખ સંપદા,
પ્રભુ દરિશન નવનિધ;
પ્રભુ દરિશનથી પામીએ,
સકલ પદારથ સિદ્ધ. ૧
ભાવે જિનવર પૂજીએ,
ભાવે દીજીએ દાન;
ભાવે ભાવના ભાવીએ,
ભાવે કેવળજ્ઞાન. ૨
જીવડા જિનવર પૂજીએ,
પૂજાનાં ફળ હોય;
રાજા નમે પ્રજા નમે,

આણ ન લોપે કોય. ૩
ફુલડાં કેરાં બાગમાં,
બેઠા શ્રી જિનરાય;
જેમ તારામાં ચંદ્રમા,
તેમ શોભે મહારાય. ૪
ત્રિભુવનનાયક તું ધણી,
મહી મ્હોટો મહારાજ;
મ્હોટે પુણ્યે પામીયો,
તુજ દરિશન હું આજ. ૫
આજ મનોરથ સવી ફળ્યા,
પ્રકટ્યા પુણ્ય કલોલ;
પાપકરમ દૂરે ટળ્યાં,
નાઠા દુઃખ દંદોલ. ૬

ॐ

प्रभुस्तुति करती वखते बोलवा योग्य श्लोको.

१

अद्य मे सफलं जन्म, अद्य मे सफला क्रिया; । शुभोदयो दिनोऽस्माकं, जिनेन्द्र ! तव दर्शनात्. ॥

२

तुभ्यं नमस्त्रिभुवनार्त्तिहराय नाथ !
तुभ्यं नमः क्षितितलामलभूषणाय !
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय !
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥

३

अद्याभवत् सफलता नयनद्वयस्य,
देवत्वदीयचरणांबुज-वीक्षणेन;
अद्य त्रिलोकतिलक प्रतिभासते मे,
संसारवारिधिरयं चुलुकप्रमाणः ॥

४

पूर्णानंदमयं महोदयमयं, कैवल्य-चिद्दृङ्मयम्। रूपातीतमयं स्वरूपरमणं, स्वाभाविकीश्रीमयम् ॥ ज्ञानोद्योतमयं कृपारसमयं, स्याद्वादविद्यालयम्। श्री-सिद्धाचलतीर्थराजमनिशं, वंदेऽहमादीश्वरम्. ॥

५

प्रशमरस-निमग्नं, दृष्टियुग्मं प्रसन्नम्,

वदनकमलमंकः, कामिनीसंगशून्यः
करयुगमपि यत्ते, शस्त्रसंबंधवंध्यम्,
तदसि जगति देवो, वीतरागस्त्वमेव.

६

जिने भक्तिर्जिने भक्तिर्जिने भक्ति-
र्दिने दिने; । सदा मेऽस्तु सदामेऽस्तु,
सदा मेऽस्तु भवे भवे. ॥

७

पाताले यानि बिंबानि, यानि बिं-
बानि भूतले; । स्वर्गे च यानि बिंबानि,
तानि वंदे निरन्तरम्. ॥

८

नेत्रानंदकरी भवोदधितरी, श्रेयस्त-
रोर्मंजरी; । श्रीमद्धर्ममहानरेंद्रनगरी, व्या-

पल्लताधूमरी; ॥ हर्षोत्कर्षशुभप्रभावलहरी, रागद्विषां जित्वरी, । मूर्तिः श्रीजिनपुंगवस्य भवतु, श्रेयस्करो देहिनाम्. ॥

९

किं कर्पूरमयं सुधारसमयं, किं चंद्रोचिर्मयम्, । किं लावण्यमयं महामणिमयं, कारुण्यकेलिमयम्; ॥ विश्वानंदमयं महोदयमय, शोभामयं चिन्मयम्, । शुक्लध्यानमयं वपुर्जिनपतेर्भुयाद्भवालंबनम्. ॥

१०

दीनोद्धारधुरंधरस्त्वदपरो, नास्ते मदन्यः कृपापात्रं नात्र जने जिनेश्वर तथा,-ऽप्येतांन याचेश्रियम् किं त्वर्हन्निद-

मेव केवलमहो, सद्बोधिरत्नं शिवं, । श्री-
रत्नाकरमङ्गलैकनिलय ! श्रेयस्कर प्रार्थये

११

यद्यस्ति नाथ भवदंघ्रिसरोरुहाणाम्,
भक्तेः फलं किमपि संततिसंचितायाः;
तन्मेत्वदेकशरणस्य शरण्यभूयाः
स्वामी त्वमेव भुवनेऽत्र भवांतरेऽपि.

१२

सकलकुशलवल्लि–पुष्करावर्तमेघो,
दुरिततिमिरभानुः कल्पवृक्षोपमानः;
भवजलनिधिपोतः सर्वसंपत्तिहेतुः,
स भवतु सततं वः श्रेयसे शान्तिनाथः
श्रेयसे पार्श्वनाथः

જૈન બાળકોને શિખવા-યોગ્ય કેટલીએક ખાસ ઉપયોગી બાબતો.

નવકારવાળી.

નવકારવાળીમા ૧૦૮ પારા હોય છે તેનુ કારણ પચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણ છે તે છે તે ગુણ આ પ્રમાણે —અરિહતના ૧૨, સિદ્ધના ૮, આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫ અને સાધુના ૨૭ એકેક પારો મૂકતા એકેક ગુણ યાદ કરાય છે. નવકારના પદ ૯ છે, તેથી છુટી નવકારવાળી ગણતા ૧૨ નવકાર ગણાય અને આખી ગણતા ૧૦૮ નવકાર થાય, કેમકે

એક પારે એક નવકાર પૂરો ગણાય નવકારવાળી હૃદય સન્મુખ રાખી સ્થિર આસને, સ્થિર ચિત્તે અંગુઠા ઉપર રાખી પહેલી આંગળીથી ગણવી પૂરી ગણાઇ રહે એટલે ફેરવીને ગણવી પણ મેરૂનું ઉલ્લંઘન ન કરવું

સ્વસ્તિક

પહેલા ત્રણ રત્નરૂપ ૩ ઢગલી કરવી પછી સ્વસ્તિક કરવો પછી સિદ્ધશિલા અને સિદ્ધસ્થાન કાઢવું સ્વસ્તિક ઉપર નૈવેદ્ય (પતાસુ, સાકર વગેરે) અને સિદ્ધ-સ્થાન ઉપર ફળ (બદામ, સોપારી વગેરે) મૂકવું *નૈવેદ્ય તથા ફળ મ્હોટા અને

નોટ:—અહીં કેટલાએક કહે છે કે ચાર ગતિ પૂર્ણ કરી મોક્ષ ફળની પ્રાપ્તિની ઈચ્છાએ

શોભિતા હોવા જોઇએ કારણ કે તેથી આપણે મોક્ષ મેળવવુ છે

જેવા તેવા અને વીણીને ઝીણા ફળ મૂક્યા હોય તો ફળ પણ થોડુજ મળે છે સડેલા ફળ પૈસો મૂકીને લેવાય નહિ. સ્વસ્તિક કરીને બે હાથ જોડી સ્વસ્તિક ઉપર દૃષ્ટિ રાખી નીચે પ્રમાણે માગણી કરવી ' હે પ્રભુ ! જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્ન આપી નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિમાથી મુક્ત કરી મને સિદ્ધસ્થાન મેળવવા શક્તિમાન કરો ! " ઘણુ પુન્ય કરે તે દેવતા થાય ઘણુ ધર્મ કરે તે મોક્ષે જાય શુભ કર્મ

સ્વસ્તિક ઉપર ફળ મૂકવુ અને અણાહારી પદ પ્રાપ્ત કરવા માટે નૈવેદ્ય સિદ્ધશિલા ઉપર મૂકવુ.

પુણ્ય કહેવાય અને કર્મનો ક્ષય થવો તે ધર્મ કહેવાય દેવ ગતિ સુખ ભોગવવા માટે સારી છે પણ મોક્ષે જવા માટે મનુષ્ય ગતિ ઉત્તમ છે, તેથી દેવતા પણ મનુષ્ય થવા ઇચ્છે છે સિદ્ધ ગતિ પાચમી કહેવાય પણ જ્યા આઠમી ગતિ કહી હોય ત્યા દેવ દેવી, પુરૂષ સ્ત્રી, પશુ પક્ષીમા નર માદા અને નારકી (આમા પુરૂષ સ્ત્રીનો ભેદ નથી, બધા નપુસક હોય), એ પ્રમાણે સાત ગતિ ગણાય બાદ આઠમી મોક્ષ ગતિ ગણાય સિદ્ધશિલા વચ્ચે જાડી અને છેડે માખીની પાખ જેવી પાતળી તેમજ સ્ફટિક રત્નની છે તે ડાડી ઉપર રહે તે પ્રમાણે (ઉંધી) ઉઘાડેલી છત્રીને આકારે ગોળ છે. કર્મનો નાશ કરી સિદ્ધ થાય

તેનુ સ્થાન સિદ્ધશિલા ઉપર અધર છે. સસારનુ કારણ કર્મ છે અને તે સિદ્ધ થનાર જીવે ખપાવ્યા હોય છે એટલે સિદ્ધ પાછા સસારમા ન આવે.

જિન દેવ દર્શન તથા પૂજા.

૧ રાજા પાસે જઇએ તેના કરતાં વિશેષ મર્યાદાપૂર્વક સપૂર્ણ પોશાક પહેરી ઉત્તરાસગ નાખી જવુ જેમ તેમ અને જેવા તેવા કપડા પહેરી ઉત્તરાસગ નાખ્યા વિના દેવ ગુરૂ પાસે જવાય નહિ. કારણકે દેવ અને ગુરૂ રાજા અને ઇંદ્ર કરતા પણ ઘણા મ્હોટા છે આરતિ મંગળ દીવાથી પ્રકટાવાય અને તેને ઉતારતાં ના-

ભિથી નીચે ન લઇ જવાય

૨ પ્રભુના દર્શન કરવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ અથવા વિશુદ્ધિ થાય છે અને પરિણામે મોક્ષ મળે છે એટલે આપણે પ્રભુની જેવા થઇએ છીએ પ્રભુની પૂજા કરવાથી આપણે પ્રભુની જેમ જગતમા પૂજ્ય થઇએ છીએ.

૩ પ્રભુ દૂરથી દૃષ્ટિએ પડે ત્યારે બે હાથ જોડી **નમો જિનાય** કહેવુ દહેરાસરમાં પ્રવેશ કરતા સસારના વિચાર ત્યાગ કરવા રૂપ પહેલી નિસ્સીહિ કહેવી (નિસીહિ એટલે ત્યાગ) બાદ ત્રણ પ્રદક્ષિણા ફરવી. મૂળગભારામા પેસતા બીજી નિસીહિ જિનમદિરના સમાર કામ સબધી તથા

આશાતના દૂર કરવા સબંધી વ્યાપાર ત્યાગ કરવા રૂપ કહેવી પ્રભુની પૂજા આ અનુક્રમે કરવી—જળ, ચદન (થોડું કેશર અને ઘણુ સુખડ એમ મિશ્રિત), પુષ્પ (અખડ, પાખડીયો ક્યારે પણ છૂટી ન કરાય), ધૂપ (છેટેથી કરવો, પ્રભુની નજીક ન લઈ જવો), દીપક, અક્ષત, નૈવેદ્ય અને ફળ પહેલી ત્રણનો અગ પૂજામા અને છેલ્લી પાચનો અગ્ર પૂજામા સમાવેશ થાય છે ચૈત્યવંદન ભાવ પૂજા કહેવાય છે, તે કરવા પ્રથમ ત્રણ ખમાસમણ દેવા નિસીહિયાએ સુધી ઉભા ઉભા કહેવુ અને ભૂમિ સ્પર્શતા બાકીના શબ્દો કહેવા તે વાને બે ઢીચણ, બે હાથ અને મસ્તક ભૂમિએ અડવાજ જોઈએ બાદ

પ્રભુ પૂજા સબંધી કાર્ય ત્યાગ કરવા રૂપ ત્રીજી નિસીહિ કહી ચૈત્યવંદન કરવું ખમાસમણુ દીધા પહેલા જમીનને ત્રણ વાર રૂમાલ વગેરે વતી પુંજવી અને પછી સ્વસ્તિક કરવો ચૈત્યવંદન કરતી વખતે પ્રભુ ઉપરજ દૃષ્ટિ સ્થાપવી બીજે આજુ-બાજુ કયાંઇ પણ જોવુ નહિ જેમાં પ્રભુના ગુણનું વર્ણન હોય તેવાજ ચૈત્યવંદન, સ્તવન અને થોય કહેવા તીર્થ કે તિથિના મહિમાવાળા સ્તવનાદિ પ્રતિક્રમણાદિ અ-વસરે કહેવા, દહેરાસરમા ન કહેવા પુરૂષ પ્રભુની જમણી તરફ અને સ્ત્રી ડાબી તરફ ઉભી રહી દર્શન કરે ચૈત્યવંદન બીજાને હરકત પહોચે તેવા ઉંચા સ્વરથી ન કરવું દર્શન પૂજાની પૂર્ણતાનો હર્ષ જાહેર કરવા

માટે અને 'તુજ એક મારે દેવ છે' એમ જણાવવા માટે ઘંટ વગાડવો, પણ તે ધીમેથી વગાડવો (કારણ ઉપર મુજબ) પ્રભુનો પ્રક્ષાલ પંચામૃતથી થાય તેમા નામ—દૂધ, દહી, ઘી, સાકર અને પાણી. દૂધને ગાળવુ જોઈએ દહીને છાણવુ જોઈએ પંચામૃતમા કેશર તથા ફૂલ નાખવા પૂજા નવ અંગે કરવી તેના નામ— જમણો અને ડાબો ઢીંચણ, જમણું અને ડાબુ કાંડુ, જમણો અને ડાબો ખભો, મસ્તક, લલાટ, કંઠ, હૃદય અને નાભિ દીપ પ્રભુની જમણી તરફ અને ધૂપ ડાબી તરફ ધૂપધાણામાજ મૂકવો 'જાવંતિચેઈયાઇ, જાવંત કેવિ સાહૂ અને જયવીઅરાય' બે હાથ પોલા જોડી મસ્તકે રાખી

કહેવા 'આભવમખડા' કહી હાથ નીચે ઉતારી લેવા બે હાથની દશ અંગુલિ એક બીજાની અંદર રાખી કમળના ડોડાને આકારે બે હાથ (કોણીને પેટ ઉપર સ્થાપીને) રાખી 'નમુત્થુણ' કહેવુ બીજા દરેક સૂત્રો બોલતી વખતે એજ પ્રમાણે હાથ રાખવા કાઉસ્સગ્ગ કરતી વખતે તથા બીજે પ્રસંગે ઉભા રહેતી વખતે આગલા ભાગમા ચાર અંગુલનુ અને પાછલા ભાગમા કાંઈક ઓછુ છેટુ રાખી પગ સ્થાપવા. દ્રષ્ટિ નાસિકા ઉપર સ્થાપવી સમતા પ્રાપ્ત કરવી, એ સામાયિક કરવાનો હેતુ છે તેથી સામાયિક કરીને કોઈની નિંદા કે નકામી વાતચીત કરવી ન જોઇએ પણ વાચવા તથા ભણવામાં તે વખત ગાળવો

જોઇએ જીંદગી સુધી રોજ સામાયિક કરીએ અને સમતાની પ્રાપ્તિ ન થાય તો સામાયિકનું ખરૂં ફળ ફળ્યું ન કહેવાય

મૂળ ગભારા પાસે જઇએ કે તરતજ **जगत्त्रयाधार ! तुभ्यं नम** એ પાઠના ઉચ્ચાર સાથે શરીરને અર્ધું નમાવી પ્રભુને વંદન કરવું નવપદ માંહેલા પહેલા બેનો દેવમાં, વચલા ત્રણનો ગુરૂમાં અને છેલ્લાં ચાર પદનો ધર્મમાં સમાવેશ થાય છે નવ પદની પૂજા ભણાય ત્યારે પહેલા પદને માટે અને છેલ્લા ચાર પદને માટે ચોખા અને શેષ ચાર પદને માટે અનુક્રમે ઘઉં, ચણાની દાળ, મગ અને અડદ મંડળમાં પૂરવામાં આવે છે દેવીની પૂજા સૌ છેલ્લી કરવી અને તે પૂજાવાળા કેશરથી

કોઇ પણ ભગવાનની પૂજા ન થાય. સામાયિક લેતા આઠ અને પારતા સાત સૂત્રો આવે **नमो अरिहंताण** કહીએ એટલે કાઉસ્સગ્ગ પૂરો થાય **लोगस्स**ના દરેક કાઉસ્સગ્ગો **चंदेसु निम्मलयरा** સુધી ગણવા, લઘુ કે **बृहत्शांति** નો પૂરો ગણવો અને કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ ખરાબ સ્વપ્ન આવ્યુ હોય તો **सागरवरगंभीरा** સુધી ગણવો, નહિતર ઉપર લખ્યા મુજબ નવકારશીનુ પચ્ચખ્ખાણ સૂર્ય ઉગ્યા પછી બે ઘડી (૪૮ મીનીટ) એ પૂરૂ થાય સાંજે ચઉવિહાર કરીએ તો પાણી પણ ન પીવાય, તિવિહારમા પ્રથમથી તપાસીને ઢાંકી રાખેલુ પાણી પીવાય

પણ તે એક પહોરની અંદર, પછી નહિ અને દુવિહારમાં મુખવાસ (સોપારી, એલચી વગેરે) અને પાણી કલ્પે પણ બુંદનો કાવો કે બીડી વગેરે (જેથી અગ્નિનો આરંભ થતો હોય તે) ન કલ્પે દિવસમાં થયેલા પાપને દૂર કરવા માટે દેવસિ પ્રતિક્રમણ કરવામાં આવે છે રાત્રિના પાપ દૂર કરવા માટે સવારે રાઇપ્રતિક્રમણ, પંદર દિવસના પાપ દૂર કરવા માટે દર ચઉદશે પાખી પ્રતિક્રમણ, ચાર માસના પાપ દૂર કરવા માટે કારતક, ફાગણ તથા અષાડ માસની શુદી ચઉદશે ચઉમાસી પ્રતિક્રમણ અને બાર માસના પાપ દૂર કરવા માટે ભાદરવા શુદિ ૪ ને રોજ સંવચ્છરી પ્રતિક્રમણ કરવામાં

આવે છે. કારણ યોગે (અપવાદે) દેવસી પ્રતિક્રમણ બપોરના બારથી રાત્રિના બાર વાગ્યા સુધી અને રાઇ પ્રતિક્રમણ રાત્રિના બારથી દિવસના બાર વાગ્યા સુધી થઇ શકે છે. વર્ષના ૩૬૦ દિવસને હિસાબે રાઇ પ્રતિક્રમણ, ૩૬૦, દેવસી પ્રતિક્રમણ ૩૩૫, પાખી પ્રતિક્રમણ ૨૧, ચઉમાસી પ્રતિક્રમણ ૩ અને સવચ્છરી પ્રતિક્રમણ ૧ થાય એક બાજુથી પ્રતિક્રમણ કર્યા કરીએ અને બીજી તરફથી પાપ કરવા પણ ચાલુ ગખીએ તો તે પ્રતિક્રમણ કર્યા ન કર્યા જેવુ ગણાય પણ ધીમે ધીમે પાપ કાર્યોમા ઘટતા જઇએ તો પ્રતિક્રમણનું સુદર ફળ મળે, એ ચોક્કસ સમજવુ

શ્રી વીરજિન સ્તુતિ-રાગ કલ્યાણ.

સાહેબ જિનવર નમીએ પ્રીતે,
કરીએ વિનતિ વારવાર,
સંસારે બહુ કાળ ભમ્યા પણ,
ક્યાંઇ ન આવ્યો પ્રભુજી પાર,
હવે તુજ શાસનનો રસ લેવા,
અંતર ઉછળે છે આવાર—સાહેબ. ૧
ગણધરને ત્રિપદી સંભળાવી,
શાસ્ત્ર રચાવ્યા અપરપાર,
અમ બાળકપર કૃપા કરીને,
અમને આપો તેનો સાર—સાહેબ. ૨
પંચમ કાળે તુમ વિયોગે,
પ્રતિમા આગમનો આધાર,
પૂર્ણાનંદ પ્રતાપી અમને,

આપો તે બન્ને પર પ્યાર–સાહેબ. ૩
શાસનના શુભ કાર્યો કરવા,
અમને આપો શૌર્ય અપાર,
નસ નસ બળ આપી પ્રભુ અમને,
રોમ રોમ દ્યો ન્યાયાચાર–સાહેબ. ૪
એક વખત પ્રભુ અમ અંતરમાં,
વ્યાપી કાપો દુ:ખ અપાર,
એજ અરજ વિભુ કરીએ તમને,
હવે લગાડો નહિ બહુવાર–સાહેબ ૫
જ્ઞાનાનંદી પાઠશાળાના,
બાળકના સાચા આધાર,
તુજ કરૂણાની લહેરે રહીને,
મોક્ષ સુખ લેશુ શ્રીકાર–સાહેબ. ૬

શ્રી શાંતિ જિન સ્તુતિ-રાગ કલ્યાણ.

ઓઁ શ્રી શાતિનાથ સમરીએ.

વિશ્વસેન નૃપ અચિરાનંદન,
નમન પૂજન સેવન કરીએ—ઓઁ શ્રી શાતિ
પારગતનું શરણુ ગ્રહીને,
માનવદેહ સફળ કરીએ—ઓઁ શ્રી શાંતિ
શાંતિ વિધાયક નામ રટનથી,
પરમ શાતિ પદ ઝટ વરીએ-ઓઁ શ્રી શાતિ
ભક્તવત્સલ ભવસંતતિ છેદક,
ન પાત્ર સમ ભવદરીએ—ઓઁ શ્રી શાતિ
નાહં ન તુ મમ મંત્ર જપીને,
પુનિત પ્રભુ પગલે ચરીએ—ઓઁ શ્રી શાતિ
દુર્લભ જિનગુણ અંગીકરીને,
જઈ વસીએ શિવમંદિરીએ—ઓઁ શ્રી શાતિ

(૧૫૬)

શ્રી વીરજિનસ્તુતિ–રાગ કલ્યાણ

ઉપકારી મહાવીર, અમારા ઉપકારી
મહાવીર,
વદન કરીએ વીર' અમારા ઉપકારી
મહાવીર
અષ્ટ કર્મરિપુ નાશ કરીને, સિદ્ધ થયા
ભગવાન્ ,
તેમ કરી અમ તુજ બાળકડા થઈશુ તારી
સમાન—અમારા ૧

તુજ ગુણગ્રામ હૃદયમા ધરશુ, રાખીશુ
તુજ નામ,
વિજય વાવટો જગ ફરકાવી, રચશુ વિદ્યા-
ધામ અમારા ૨

સ્યાદ્વાદ નય ભંગી પ્રમાણે, ઉત્તમ
તત્ત્વનું જ્ઞાન,
ભણી ભણાવી સંતજનોના, ગાશું મંગળ-
ગાન અમારા ૩

તુજ મંદિરમાં આળેખીશું, પૂર્વ સાધુના
ચિત્ર,
તેને અને તુજ પગલે ચાલી, થાશું અમે
પવિત્ર—અમારા ૪

શ્રી વીરજિન સ્તુતિ-રાગ કલ્યાણ.

વંદો પદ ત્રિશલાનંદના,
પ્રભુ જ્ઞાની મહા ગંભીરના—વંદો
સર્વ પુરંદર સેવિત સુંદર,
ધર્મ ધુરંધર ધીરના—વંદો ૧

વિઘ્ન વિનાયક જે શિવદાયક,
સ્વામી શ્રાદ્ધ સમૂહના—વંદો ૨
તીર્થપતિ તીર્થંકર શંકર,
દાતા સમકિત તીરના—વંદો ૩
નાથ નિરંજન ભવ ભય ભંજન,
તાજ ઉજમના શિરના—વંદો ૪

समाप्तोऽयं लघुग्रंथः

श्रोत्रं श्रुतेनैव न कुंडलेन,
दानेन पाणिर्न तु कङ्कणेन;
विभाति कायः करुणापराणां,
परोपकारैर्न तु चन्दनेन. १

અર્થ:—દયાળુ જનોના કર્ણ શ્રવણ વડે ભે છે, કુંડલ વડે નહિ. હાથ દાન દેવા વડે શોભે છે પણ કંકણ વડે નહિ અને દેહ રોપકાર કરવા વડે શોભે છે પણ ચંદન વડે નહિ. ૧.

पिबन्ति नद्यः स्वयमेव नाम्भः
स्वयं न खादन्ति फलानि वृक्षाः।
नादन्ति सस्यं खलु वारिवाहः
परोपकाराय सतां विभूतयः॥

અર્થ:—નદીઓ પોતે પાણી પીતી નથી વૃક્ષો પોતે ફળો ખાતાં નથી અને વર્ષાદ (પોતે) ધાન્ય ખાતો નથીજ. (પણ એ સર્વ પરને માટેજ હોય છે તેમ) સજ્જનોની લક્ષ્મી (પણ) પરોપકારના માટે હોય છે. ૧.